| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1. | Dr HIMANSHU R VYAS | DISTINCTION | 87 |
| 2. | JAYESH MADAN BHATIA | DISTINCTION | 81 |
| 3. | USHA A KAPADIA | DISTINCTION | 81 |
| 4. | BHAVESH JOSHI | DISTINCTION | 80 |
| 5. | KUNAL VYAS | DISTINCTION | 80 |
| 6. | RUPA DIGANT BHUTA | DISTINCTION | 79 |
| 7. | MONA C SHAH | DISTINCTION | 77 |
| 8. | ALKA NIRANJAN MAKWANA | DISTINCTION | 76 |
| 9. | JYOTI MADAN BHATIA | DISTINCTION | 76 |
| 10. | ANITA MANUBHAI LIMBACHIYA | FIRST | 75 |
| 11. | AVNI MANOJ JOSHI | FIRST | 75 |
| 12. | NISHA RAJESH SHETH | FIRST | 75 |
| 13. | KOMAL MANUBHAI LIMBACHIYA | FIRST | 74 |
| 14. | CHANDAN P SHAH | FIRST | 73 |
| 15. | HETAL VIJAYKUMAR LIMBACHIYA | FIRST | 73 |
| 16. | JIGNESH J PAREKH | FIRST | 72 |
| 17. | MAMTA MANOJ VALYA | FIRST | 72 |
| 18. | AMI H VYAS | FIRST | 71 |
| 19. | SONAL JAYESH BHATT | FIRST | 71 |
| 20. | VIMAL H GANDHI | FIRST | 71 |
| 21. | BHADURI RAJENDRA RANA | FIRST | 70 |
| 22. | BIPIN H BHANDARE | FIRST | 70 |
| 23. | KALINDI DARSHAN TRIVEDI | FIRST | 70 |
| 24. | PIUSAH A MEHTA | FIRST | 70 |

બીજાનાં દુઃખ દર્દની વાતો જરા પણ કંટાળો લાવ્યા વિના સાંભળતાં શીખો.

# RESULT

## VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 25. | REENA HIMESH SHAH | FIRST | 70 |
| 26. | RASENDU C BHATT | FIRST | 69 |
| 27. | RASHMI KIRAN MASTAR | FIRST | 68 |
| 28. | BARKHA DINESH ACHARYA | FIRST | 67 |
| 29. | JILL MUKESH MEHTA | FIRST | 67 |
| 30. | KRINA RAHUL SAVLA | FIRST | 66 |
| 31. | ARRTI UDANI | FIRST | 65 |
| 32. | PARUL DESAI | FIRST | 65 |
| 33. | PARUL PARAG MOTA | FIRST | 65 |
| 34. | HEMLATA SAMPAT | FIRST | 64 |
| 35. | PARUL P MEHTA | FIRST | 64 |
| 36. | RAVI B SUKLA | FIRST | 64 |
| 37. | NAYNA JAYANDRA KOTHARI | FIRST | 63 |
| 38. | SNEHAAL JASVANTRAI PAREKH | FIRST | 63 |
| 39. | USHA M LIMBACHIYA | FIRST | 62 |
| 40. | VARSHA MADIA | FIRST | 62 |
| 41. | CHANDRAKANT TALATI | FIRST | 61 |
| 42. | KUNAL VINODCHANDRA RAVAL | SECOND | 60 |
| 43. | MONA CHETAN BAJARIA | SECOND | 60 |
| 44. | URMILA C KANTHARIA | SECOND | 60 |
| 45. | DHARMESH C PATEL | SECOND | 59 |
| 46. | PRAMILA V PANCHAL | SECOND | 59 |
| 47. | VINOD JETHALAL MEHTA | SECOND | 58 |
| 48. | GANESH PRADEEP THORAT | SECOND | 56 |
| 49. | KISHOR RATILAL PATEL | SECOND | 56 |
| 50. | DEEPAK TULSHIBHAI GOHIL | SECOND | 55 |
| 51. | MAHESH CHUNILAL VIRA | SECOND | 55 |
| 52. | KUNJAL M VIRA | SECOND | 55 |
| 53. | HITESH BACHUBHAI PAREKH | SECOND | 54 |
| 54. | TEJAS C JAIN | SECOND | 53 |
| 55. | BHAVNA R PARMAR | SECOND | 51 |
| 56. | MAHESH R NAGRECHA | SECOND | 49 |
| 57. | KETAN BANSHILAL KANSARA | SECOND | 48 |
| 58. | PRAKASH M PARMAR | SECOND | 47 |

# RESULT

## VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1. | SHUBHADA V PAVAR | DISTINCTION | 91 |
| 2. | VARSHA DHIRAJ RAVAL | DISTINCTION | 89 |
| 3. | SAPANA PANDYA | DISTINCTION | 83 |
| 4. | CHAITALI H PARMAR | DISTINCTION | 83 |
| 5. | MEENA BHARAT RANDERIA | DISTINCTION | 82 |
| 6. | PRADEEP VASUDEO JOSHI | DISTINCTION | 80 |
| 7. | RAMESH K RAVAL | DISTINCTION | 80 |
| 8. | AADITAYAKUMAR P JAIN | DISTINCTION | 79 |
| 9. | SANGEETA UMESH BHATT | DISTINCTION | 78 |
| 10. | NIRMAKSHI PARIAWALA | DISTINCTION | 77 |
| 11. | SANGITA MAMORA | FIRST | 75 |
| 12. | VIRAL M MEHTA | FIRST | 74 |
| 13. | MADANKUMAR VASUDAV BHATIA | FIRST | 73 |
| 14. | RAJUL RAJESH MEHTA | FIRST | 73 |
| 15. | HINA VIJAY OZA | FIRST | 73 |
| 16. | VEENA AJAY MORJARIA | FIRST | 72 |
| 17. | POONAM C GANATRA | FIRST | 70 |
| 18. | MINAL MANAJ DIXIT | FIRST | 66 |
| 19. | MANGESH R VAJA | FIRST | 66 |
| 20. | CHARULATA RAMANLAL PUROHIT | FIRST | 65 |
| 21. | CHETAN BACHUBHAI PANDYA | FIRST | 64 |
| 22. | VISHVABEN M SHAH | FIRST | 61 |
| 23. | JIGNESH DHRUVE | SECOND | 52 |

## VEDIC JYOTISH BHUSHAN

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1. | VARSHA DHIRAJ RAVAL | DISTINCTION | 89 |
| 2. | SHUBHADA V PAVAR | DISTINCTION | 87 |
| 3. | CHAITALI H PARMAR | DISTINCTION | 85 |
| 4. | RAMESH K RAVAL | DISTINCTION | 85 |
| 5. | MINAL MANAJ DIXIT | DISTINCTION | 81 |
| 6. | MEENABEN BHARAT RANDERIA | DISTINCTION | 81 |

# RESULT

## VEDIC JYOTISH BHUSHAN

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 7. | PRADEEP VASUDEO JOSHI | DISTINCTION | 81 |
| 8. | JIGNESH DHRUVE | DISTINCTION | 80 |
| 9. | SAPANA PANDYA | DISTINCTION | 80 |
| 10. | NILESH K JANI | DISTINCTION | 80 |
| 11. | NIRMAKSHI PARIAWALA | DISTINCTION | 79 |
| 12. | MADANKUMAR VASUDAV BHATIA | DISTINCTION | 79 |
| 13. | POONAM C GANATRA | DISTINCTION | 79 |
| 14. | BRIJESH DINESHCHANDRA OZA | DISTINCTION | 78 |
| 15. | CHETAN BACHUBHAI PANDYA | DISTINCTION | 78 |
| 16. | ADITYAKUMAR P JAIN | DISTINCTION | 77 |
| 17. | RAJUL RAJESH MEHTA | DISTINCTION | 76 |
| 18. | VINITA P PANDEY | DISTINCTION | 76 |
| 19. | SANGEETA UMESH BHATT | FIRST | 74 |
| 20. | JAYESH HARJIVANDAS VAGHELA | FIRST | 71 |
| 21. | VIRAL M MEHTA | FIRST | 69 |
| 22. | VEENA AJAY MORJARIA | FIRST | 69 |
| 23. | VISHVABEN M SHAH | FIRST | 67 |
| 24. | HINA VIJAY OZA | FIRST | 66 |
| 25. | prakesh n dave | FIRST | 66 |
| 26. | MANGESH R VAJA | FIRST | 65 |
| 27. | KETAN BANSHILAL KANSARA | FIRST | 62 |
| 28. | VINITA P PANDEY | FIRST | 62 |
| 29. | KISHOR RATILAL PATEL | FIRST | 61 |
| 30. | DEVAYANI HARISH BATHIA | SECOND | 56 |
| 31. | PALLAVIKA ASHVIN MEHTA | SECOND | 56 |
| 32. | HASMUKH SAMLAJI BHUPTANI | SECOND | 55 |
| 33. | KUNAL BHAGWANDAS SHAH | SECOND | 55 |
| 34. | NAVIN JETHALAL CHAWDA | SECOND | 55 |
| 35. | P V SUBBARAO | SECOND | 51 |
| 36. | MEENA K PURANI | SECOND | 50 |

# RESULT

## VEDIC JYOTISH MARTAND

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1. | HEENA B VASANI | DISTINCTION | 85 |
| 2. | MAYUR P VORA | DISTINCTION | 81 |
| 3. | JAYSHREE JAGDISH GADANI | DISTINCTION | 80 |
| 4. | SADHANA MASTER | DISTINCTION | 79 |
| 5. | ANJALI CHATEN GORADIA | DISTINCTION | 78 |
| 6. | CHIRAG PRAMODRAI GANDHI | DISTINCTION | 77 |
| 7. | DEEPTI TELI | DISTINCTION | 77 |
| 8. | MINAXI BAKUL BHATT | FIRST | 74 |
| 9. | RAJESH SHASHIKANT MISTRY | FIRST | 72 |
| 10. | HARSHA JAGJIVAN PRAJAPATI | FIRST | 70 |
| 11. | PRAFULCHANDRA AMRUTLAL SHAH | FIRST | 68 |
| 12. | KOMAL VIPUL SHAH | FIRST | 65 |
| 13. | SURYA KUMAR MISHRA | FIRST | 62 |

## VEDIC SWARGYAN GNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1. | SANGEETA UMESH BHATT | DISTINCTION | 93 |
| 2. | VIRAL M MEHTA | DISTINCTION | 91 |
| 3. | SHUBHADA PAVAR | DISTINCTION | 90 |
| 4. | VARSHA DHIRAJ RAVAL | DISTINCTION | 90 |
| 5. | SANGITA MAMORA | DISTINCTION | 89 |
| 6. | VISHVABEN M SHAH | DISTINCTION | 89 |
| 7. | PRADEEP VASUDEO JOSHI | DISTINCTION | 88 |
| 8. | SAPANA PANDYA | DISTINCTION | 87 |
| 9. | MINAL MANAJ DIXIT | DISTINCTION | 87 |
| 10. | CHAITALI H PARMAR | DISTINCTION | 84 |
| 11. | BRIJESH DINESHCHANDRA OZA | DISTINCTION | 84 |
| 12. | JIGNESH DHRUVE | DISTINCTION | 84 |
| 13. | HINA VIJAY OZA | DISTINCTION | 83 |
| 14. | MEENA BHARAT RANDERIA | DISTINCTION | 83 |

# RESULT

## VEDIC SWARGYAN GNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 15. | NIRMAKSHI PARIAWALA | DISTINCTION | 83 |
| 16. | P V SUBBARAO | DISTINCTION | 83 |
| 17. | RAMESH K RAVAL | DISTINCTION | 83 |
| 18. | CHETAN BACHUBHAI PANDYA | DISTINCTION | 83 |
| 19. | POONAM C GANATRA | DISTINCTION | 81 |
| 20. | HASMUKH SAMLAJI BHUPTANI | DISTINCTION | 81 |
| 21. | VEENA AJAY MORJARIA | DISTINCTION | 81 |
| 22. | ADITYAKUMAR P JAIN | DISTINCTION | 81 |
| 23. | JAYESH HARJIVANDAS VAGHELA | DISTINCTION | 81 |
| 24. | RAJUL RAJESH MEHTA | DISTINCTION | 80 |
| 25. | PALLAVIKA ASHVIN MEHTA | DISTINCTION | 80 |
| 26. | KUNAL BHAGWANDAS SHAH | DISTINCTION | 78 |
| 27. | NAVIN JETHALAL CHAWDA | DISTINCTION | 78 |
| 28. | NILESH K JANI | DISTINCTION | 78 |
| 29. | MADANKUMAR VASUDAV BHATIA | FIRST | 75 |
| 30. | MANGESH R VAJA | FIRST | 72 |
| 31. | CHARULATA RAMANLAL PUROHIT | FIRST | 69 |
| 32. | DEVAYANI HARISH BATHIA | FIRST | 69 |
| 33. | VINITA P PANDEY | FIRST | 66 |

## હાથમાં રહેલા ચિન્હોંપર વિચાર 


૧) પુષ્પ કમળ :- જો કોઈ જાતકના હાથમાં કમળની રચના બનેલી હોય તો તે જાતક કળા, કવી, ગીત, ચિત્રકારી, સંગીતજ્ઞ જેવી વિદ્યાઓમાં નિપુણ અને શ્રેષ્ઠ તથા ધન પણ પ્રાપ્ત કરે છે.


૨) ત્રિશૂળ :- જો કોઈ જાતકના હાથમાં ત્રિશૂળનું ચિન્હ બન્યું હોય તો આવો જાતક ધર્મીક, આધ્યાત્મિક, દર્શન શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, મંત્ર શાસ્ત્ર, પરાવિદ્યામાં નિપુણ બની ખ્યાતિ પ્રાપ્ત કરે છે. અને સંપત્તી પણ પ્રાપ્ત કરે છે.



૩) શંખ :- જો કોઈ જાતકના હાથમાં કોઈ પણ પર્વત પર શંખનુ ચિન્હ હોય તો આવો જાતક બૌધિક દ્રષ્ટી થી સંપન્ન બને છે એની વાણીના પ્રભાવ થી જનમાનસ ખુબજ પ્રભાવિત થાય છે. એના વ્યક્તિત્વમાં પણ ગજબનું આકર્ષણ હોય છે. આ જાતક બૌધિક કાર્યો દ્વારા સમજમાં ઉચ્ચ પદ, માન, યશ તથા ધન પ્રાપ્ત કરે છે.


૪) ચક્ર :- જો કોઈ જાતકના હાથમાં ચક્રનુંચિન્હ હોય તો આવો જાતક હંમેશા ગતીશીલ રહોનારો પોતાના જીવનમાં, કાર્યોમાં. વ્યવસાયમાં નિરંતર પ્રગતિ કરનારો બને છે. સમાજમાં પણ આ વ્યકતી પ્રખ્યાત બને છે.


૫) ગદા :- જો કોઈ જાતકના હાથમાં ગદાનું ચિન્હ કોઈ પણ પર્વત પર હોય તો આવો જાતક કોર્ટ કચેરી કે દાવા જેવા કાર્યો થી શ્રેષ્ઠ ધન અને ખ્યાતી મેળવે છે આવો જાતક હંમેશા શત્રુ ઓને પરાજીત કરે છે અને શત્રુજીત બને છે.


૬) સ્વસ્તિક :- જો કોઈ જાતકના હાથમાં રેખાઓ દ્વારા સ્વસ્તિકનું ચિન્હ બનતું હોય તો આવો જાતક આધ્યાત્મીક જીવનમાં પ્રવેશ કરી મહાન અસ્તિત્વના રુપમાં પોતાની ઓળખ બનાવે છે. જો આ સ્વસ્તિક ઉંધો બનતો હોય તો આવો જાતક હિંસક બને છે. આવા જાતકની ખ્યાતી બન્ને સ્થીતી ઓ માં બધેજ ફેલાય છે.


૭) ઐરાવત :- જો કોઈ જાતકના હાથમાં ઐરાવતનુંચિન્હ હોય તો આવો જાતક ભાગ્યવાન થઈ ને અખંડ લક્ષ્મી નું સુખ તથા વૈભવ ને ભોગવે છે. પરંતુ એને ખ્યાતી મળતી નથી આ જાતક ખ્યાતી મેળવવા માટે ઉત્સુક હોય છે.



૮) ધનુષ :- જો કોઈ જાતકના હાથમાં રેખાઓ દ્વારા ધનુષનું ચિન્હ બનતુ હોય તો આવો જાતક રાજ્યનાં ઉચ્ચ પદ પર બિરાજમાન હોય છે.


૯) તલવાર :- જો કોઈ જાતકના હાથમાં તલવારનું ચિન્હ બન્યું હોય તો આવો જાતક સાહસી અભિયાનોં માં ભાગ લેનારો બને છે. તથા શૌર્ય, પરાક્રમ તથા આત્મબળ દ્વારા જન સમુહને ચમતકૃત બનાવે છે. એને ધન તથા ખ્યાતી આ ક્ષેત્રમાંથીજ મળતી હોય છે.


૧૦) મત્સ્ય :- જો કોઈ જાતકના હાથમાં એક કે બે મત્સ્યનું ચિન્હ બન્યું હોય તો આવો જાતક પોતાના કુટુંબની પારીવારિક સ્થીતી થી ઉપર ઉઠી ખુબજ ઉંચાઈ પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત ધન, વૈભવ અને ખ્યાતી પણ પ્રાપ્ત કરે છે.


૧૧) નક્ષત્ર - તારક :- જો કોઈ જાતકના હાથમાં સફેદ કે દુધિયા રંગનુ તારક્નું ચિન્હ બન્યું હોય તો આવો જાતક કોઈ ખાસ ક્ષેત્રમાં વિષેશ ઉપલબ્ધી દ્વારા પોતાની ઓળખ બનાવે છે. અને યશસ્વી બને છે.



૧૨) પક્ષી :- જો કોઈ જાતકના હાથમાં પક્ષીનું ચિન્હ બન્યું હોય તો આવો જાતક અતિ મહત્વકાંક્ષી હોય છે. અને તે પોતાની મહત્વકાંક્ષાઓની પુર્તિ પણ કરી શકે છે. એ પોતાની મહત્વકાંક્ષાના બળ પર અતિ ધનવાન બને છે. ભાગ્ય પણ એની સાથે હોય છે.


૧૩) ચોરસ :- જો કોઈ જાતકના હાથમાં ચાર રેખાઓ દ્વારા ચોરસનું ચિન્હ બન્તુ હોય તો આવો જાતક નિશ્ચિત અવસ્થા સુધી સતત પ્રગતી કરતો હોય છે. ત્યાર વાદ મળેલી પ્રગતીમાં સ્થિર રહી સુખ એશ્વર્ય તથા ભૌતિક સાધનો ભોગ ભોગવે છે.


૧૪) પંચકોણ :- જો કોઈ જાતકના હાથમાં પાંચ રેખાઓ દ્વારા પંચકોણનું ચિન્હ બનતુ હોય તો આવો જાતક મોટા ઔદ્યોગીક સામ્રાજ્યનો સ્વામી બને છે. ઉચ્ચ પદ પર બિરાજમાન થઈ છે અને આજીવન સુખ ભોગવે છે.

 ૧૫) ત્રિભુજ–ત્રિકોણ :–જો કોઈ જાતકના હાથમાં ત્રણ રેખાઓ દ્વારા ત્રિકોણનું ચિન્હ બન્તુ હોય તો આવો જાતક વિજ્ઞાન, જ્યોતિષ, ગણિતજ્ઞ, આર્યુવેદ તરફ વધુ પડતી રૂચી રાખનારો બને છે.

 ૧૬) દ્વિપ–યવ :– જો કોઈ જાતકના હાથમાં દ્વિપનું ચિન્હ બન્યું હોય તો ફળને બગાડનારુ કહ્યું છે. એ હથેળીમાં ઉભુ કે આડું ગમે તેમ હોય એને અશુભ ચિન્હ કહ્યું છે.

 ૧૭) રેખાજાલ :– જો કોઈ જાતકના હાથમાં રેખાજાલનું ચિન્હ બન્યું હોય તો એ જ્યા પણ હોય ત્યાનું ફળ નષ્ટ કરે છે. અશુભ ફળ દાઈ છે આ ચિન્હ નાની નાની ઉભી અને આડી રેખાઓ દ્વારા બને છે.

X ૧૮) ચોકડી :– જો કોઈ જાતકના હાથમાં ચોકડીનું ચિન્હ બન્યું હોય તો ગુરુના પર્વત શિવાય બધેજ હાનીકારક ફળ આપે છે. આ ચિન્હ ને ગુરુના પર્વત પર વૈવાહીક જીવનમાટે શુભ ફળદાઈ કહ્યું છે.

• ૧૯) બિંદુ :– જો કોઈ જાતકના હાથમાં બિંદુનું ચિન્હ હથેળી માં શ્વેત – કાળુ – લાલ એમ અનેક રંગનુ હોય છે. આ ચિન્હ હથેળી માં ખાડા જેવું દેખાઈ છે. આ બિંદુ તલ કે મસા થી જુદુ હોઈ છે. આ બિંદુ જ્યા હોઈ ત્યા ના સુખ માં બાધા આપનારુ છે.

આ ઉપરાંત હથેળીમાં ઘણા બધા પ્રકારના ચિન્હો હોય છે. જેમ કે છત્ર, પાલખી, હાથી, ઘોડા, કળશ, તાલ, ધજા, પતાકા, અંકુશ, કુહાડી, તોમર, બરછી, ભાલો, પર્વત, કંકણ, નરમુંડ, ઘડો, સૂર્ય, ચંદ્ર, લતા, અષ્ટકોણ, યજ્ઞવેદી તથા માળા જેવા અનેક ચિન્હો જવલેજ જોવા મળી શકે છે.

સંકલન– શ્રી અશોક ચૌહાણ

## અંકશાસ્ત્ર પ્રમાણે શુભ મુહુર્ત

**શુભ સમય**

**અધિકતમ પ્રશ્ન એ આવે છે કે દરેક શુભકાર્ય કરવા માટે શુભ સમય ક્યો ? શુભ દિવસ ક્યો ? શુભ તારીખ કઈ ? જેથી આપણા કરેલા શુભકાર્યને ૧૦૦% પરિણામ મળે. શુભકાર્ય ઘણા હોઈ શકે જેમ કે અધિકારીને મળવા, મિટીંગ કરવા, એપ્લીકેશન લખવા, પત્ર લખવા, પરીક્ષાનું ફોર્મ ભરવુ, એડમિશનનુ ફોર્મ ભરવું, દુકાનનુ મુહુર્ત ક્યારે કરવું વગેરે ઘણા પ્રશ્નો હોય તો તેનો સમય કેવી રીતે કાઢવો.**

I

| જન્મ તારીખ | શુભ તારીખ | શુભવાર |
|---|---|---|
| ૧ | ૧–૧૦–૧૯–૨૮ | રવિવાર |
| ૨ | ૨–૧૧–૨૦–૨૯ | સોમવાર |
| ૩ | ૩–૧૨–૨૧–૩૦ | ગુરુવાર |
| ૪ | ૪–૧૩–૨૨–૩૧ | રવિવાર |
| ૫ | ૫–૧૪–૨૩ | બુધવાર |
| ૬ | ૬–૧૫–૨૪ | શુક્રવાર |
| ૭ | ૭–૧૬–૨૫ | રવિવાર |
| ૮ | ૮–૧૭–૨૬ | શનિવાર |
| ૯ | ૯–૧૮–૨૭ | મંગળવાર |

II

**શુભમાસ**

| | | | |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૪–૧૬–૨૮ | જુલાઈ | ૨–૧૪–૨૬ |
| ફેબ્રુઆરી | ૬–૧૮–૩૦ | ઓગસ્ટ | ૧૧–૨૩ |
| માર્ચ | ૧–૧૩–૨૫ | સપ્ટેમ્બર | ૯–૨૧ |
| એપ્રિલ | ૭–૧૯–૩૧ | ઓક્ટોબર | ૧૨–૨૪ |
| મે | ૧૦–૨૦–૨૨ | નવેંમ્બર | ૩–૧૫–૨૭ |
| જુન | ૮ | ડિસેંમ્બર | ૫–૧૭–૨૯ |

III

શુભહોરા ( હોરા સૂર્યોદયથી ગણવાની હોય છે )

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| | ૨૨ | ૨૩ | ૨૪ | – | – | – | – |
| રવિવાર | સૂ | શુ | બુ | ચં | શ | ગુ | મં |
| સોમવાર | ચં | શ | ગુ | મં | સૂ | શુ | બુ |
| મંગળવાર | મં | સૂ | શુ | બુ | ચં | શ | ગુ |
| બુધવાર | બુ | ચં | શ | ગુ | મં | સૂ | શુ |
| ગુરુવાર | ગુ | મં | સૂ | શુ | બુ | ચં | શ |
| શુક્રવાર | શુ | બુ | ચં | શ | ગુ | મં | સૂ |
| શનિવાર | શ | ગુ | મં | સૂ | શુ | બુ | ચં |

ઉદાહરણ તરીકે જાતકને પરીક્ષાનું ફોર્મ ભરવાનુ છે તો શ્રેષ્ઠ સમય કયો ?
જાતકની જન્મ તારીખ – ૧–૧૦–૧૯૯૦
જાતકની જન્મ તારીખનું મુળાંક – ૧ છે
શુભ તારીખ – ૧–૧૦–૧૯–૨૮
શુભવાર – રવિવાર
શુભમાસ – માર્ચ
શુભહોરા – સૂર્ય – ચંદ્ર – ગુરુ – મંગળ
શુભવર્ષ – ૧૯૯૦ – ૧૯૯૯ – ૨૦૦૮ – ૨૦૧૭ – ૨૦૨૬
આ રીતે શુભ મુહુર્તની તારીખ – વાર – માસ – હોરા અને શુભવર્ષ ગોતી શકાય તેથી આપણે જે પણ કાર્ય કરીએ તેમા સફળતા મળે

શ્રીમતી વાસંતીબેન ભદ્રા

## ડાયબિટીસ-મધુપ્રમેહ

ડાયબિટીસ એક રોગ છે, જેમાં ઈન્સુલીન નામના હોર્મોનના અભાવે શરીરમાંની સાકર જે શક્તિ તરીકે વપરાવી જોઈએ તે વપરાતી નથી. પરીનામે લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે. ડાયબિટીસની બિમારી મેટાબાલિઝમની એટલે કે જે રીતે શરીર પાચન થયેંલા ખોરાકને વૃદ્ધિ અને શક્તિ માટે વાપરે છે, તેની ખોમીથી ઉદ્‌ભવે છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ એમાંનો વધારે પડતો ભાગ–પાચનરસ દ્વારા ગ્લુકોઝ બને છે, જે શરીરને શક્તિ આપવા માટે એક ઉત્તમ માર્ગ–પર્યાય છે. પાચનક્રિયા પછી ગ્લુકોઝ લોહીમાં પ્રવેશ છે. જયાંથી તે શરીરના કોષોને વૃદ્ધિ અને શક્તિ માટે મળે છે. ગ્લુકોષને કોષોમાં લઈ જવા માટે ઈન્સુલીન હોવું જરૂરી છે. ઈન્સુલીન એક હોર્મોન છે જે સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ જઠરની નીચે આવેલું પિંડ) દ્વારા ઉત્પન્ન થાય છે.

ડાયબિટીસ બીમારીમાં સ્વાદુપિંડમાથી ઈન્સુલીનનું ઉત્પાદન ઓછું થઈ જાય છે. જેના પરિણામે ગ્લુકોઝમાં જ રહી જાય છે, જેથી પેશાબમાં ગ્લુકોઝનું પ્રમાણ વધે છે અને આ રીતે શરીરમાંથી ગ્લુકોઝ બહાર જાય છે, આમ લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધારે હોવા છતાં શરીરને શક્તિ માટે તેનું મુખ્ય સોર્સ મળતું નથી. લોહીમાં વધુ પ્રમાણમાં ગ્લુકોઝ હોવાથી ઘણી તકલીફો થઈ શકે છે.

**ડાયબિટીસના લક્ષણો – ચિહ્નોઃ–**

(૧) વારંવાર તરસ લાગવી–મોઢું સૂકાવું.
(૨) વારંવાર પેશાબ થવો–ખુબ પેશાબ થવો. રાત્રે બે વખત પેશાબ માટે ઉઠવું પડે. રાતના ઊંઘ ઊડી જાય.
(૩) માથું દુઃખવું– (૪) પેટમાં દુઃખાવો થવો–બિમારી હોવાની લાગણી થવી.
(૫) નબળાઈ આવી જવી, થાક લાગવો. હાથપગમા કળતર થવું. પગમાં ખાલી ચડવી, ઘા પડી જવા, ગુમડા થવા, રૂઝ ન આવવી.
(૭) શરીરમાં ધ્રુજારી જેવું થાય–વર્ટીગો જેવું થાય. (૮) આંખે ઝાંખુ દેખાવું. (૯) અચાનક વજન ઘટવું.
(૧૦) કામેચ્છા ઓછી થવી–નપુંસકતા આવી જવી ઈત્યાદિ.
(૧૧) જ્ઞાનતંતુ નબળા પડી જાય છે અને તેના કારણે પગના તળિયાનો ભાગ બહેરો પડી જાય છે. (ડાયબિટીક ન્યુરોપથી)

ડાયબિટીસ–મધુપ્રમેહ રોગ વિશેનું જ્ઞાન મેળવવું–જાણકારી મેળવવી. લોહીમાં સાકરનું પ્રમાણ વધે નહી તે માટે ખાવા–પીવાનો સમય ખાસ જાળવશો તો સાકરનું પ્રમાણનું નિયંત્રણ કરી શકશો. ડાયબિટીસથી આંખના પડદાને, કિડનીને, રક્તવાહિનીઓને, હૃદયને વધુ નુકશાન થાય છે. આંખના પડદો (રેટિના) નબળો થવા માંડે છે. લોહી ફૂટવા માડે છે, ઝારી બાઝવા માડે છે. દ્રષ્ટિ ઘટવા માંડે છે.

કિડનીની કાર્યક્ષમતા ઘટી જાય છે. લોહી વહન કરતી ધમનીઓમાં ચરબીના થર જામવા માંડે છે. તે સાંકડી થઈ જાય છે. પગની નસ સુકાવી, હૃદયરોગ , ગ્રેંગ્રીગ ઈત્યાદિ થવા સંભવ રહે છે.

લોહીમાં રહેલા સાકરના પ્રમાણને આધારે ડાયબિટીસના કોમ્પ્લીકેશનની શક્યતા જાણી શકાય છે. લોહીમાં સાકરનુ પ્રમાણ નોર્મલ રેન્જમાં જાળવી શકો તો તમો ડાયબિટીસથી થતાં લાંબા ગાળાના કોમ્પ્લીકેશનને અટકાવી શકો છો.

મેંદાની વસ્તુઓ, કંદ–મૂળ, ઘી–તેલ–માખણ–મલાઈ વિ. આહારમાં લેવાનું ઓછું કરશો. ખોરાકની ટેવ એવી રાખો, જેથી ડાયબિટીસ નિયંત્રણમાં રહે. નિયમિત–કસરતો–ચાલવાનું, જોગીંગ, સાઈકલીંગ, તરવું, હાથપગની કસરતો કરશો. દર મહિને ડાયબિટીસની તપાસ કરવતા રહેવું જોઈએ. બ્લડપ્રેશર, આંખમોં, ચામડી–પગની સંભાળ લેશો.

શરીરને સ્વસ્થ અને સ્ફૂર્તિવાળુ રાખવા યોગ્ય માત્રામાં ઊંઘ–આરામ લેશો. સવારે નિયમિત ચાલવાનું, જોગીંગ–કસરત–વ્યાયામ, માલિશ, પ્રાણાયમ–યોગ વિ. કરવાનું રાખશો. ચરબીવાળા પદાર્થો ઓછા કરી કઠોળ, લીલા શાકભાજી, કચુંબર લેશો. સાંજનું ભોજન પચવામાં હલકું લેશો. રાત્રી ભોજન પછી થોડું ચાલવાનું રાખશો. કબજીયાત થાય નહિ તેવી રોચક દવા લેશો, ઈસપગુલ, તાંદળજાની ભાજી, હરડે, વિ. લેશો. અઠવાડિયામાં એકાદ ઉપવાસ કરશો અથવા જુલાખ લઈ પેટ સાફ રાખશો. તંદુરસ્તી જાળવવા જીવનશૈલીમાં જરૂરી પરિવર્તન કરશો. જીવનમાં હાસ્ય વણી લેશો. ટેન્શન–વધુ પડતા વિચારો ઓછા કરી, માનસિક વ્યગ્રતા ઘટાડશો. કારેલા, પરવળ, મગ, ચણાનો ઉપયોગ ડાયબિટીસવાળા માટે સુચવી શકાય. કારેલાનો રસ, લીમડાનો રસ, કરીયાતું કે હળદર–આમળા–તુલસીનો રસ પીવો. પ્રકૃતિને અનુરૂપ સમ્યક આહાર, સમયસરની ઊંઘ, ઉત્તમ વાંચન, શ્રમ કરવો, ચાલવાનુ, જોગીંગ, ફરવા જવું, હકારાત્મક વિચારસરણી, મિલનસાર સ્વભાવથી લોકોમાં ભળી જવું, આદુ, હળદર, અજમો, મરી, મેથી, હિંગ, તુલસી, ગળો, મધ, શિલાજીત, ચંદ્રપ્રભાવટી, વસંતકુસુમાકર, બ્રાહ્મી, શંખાવલી, ગોખરૂ, ઈત્યાદિ નિર્દોષ ઘરગથ્થુ ઔષધોનો ઉપયોગ જીવનમાં વણી લેશો.

**ડાયબિટીસમાં ખોરાકઃ–**

ગુજરાતીની ખોરાકની ટેવોમાં ગાઠિયા, ભૂસુ, ચેવડો, તળેલા નાસ્તાઓ, થેપલા, ઈત્યાદિમાં ચરબીનું પ્રમાણ વધુ હોય, પ્રમાણસર લેવા. ઓછા કરવા. ખાંડ, મિઠાઈ, મિષ્ઠાન, દૂધની બનવટો, વધુ મીઠા તથા તેલવાળા અથાણાઓ લેવા નહીં. ખાંડની જગ્યાએ સેકરીન–લઈ શકાય. વધારે વજનવાળી વ્યક્તિઓએ ડાયટીંગ કરી–ખોરાકનું પ્રમાણ ઘટાડી, વજન ઓછું કરવું. ઓછી વજનવાળી વ્યક્તિએ ખોરાકનું પ્રમાણ યોગ્ય કરી આદર્શ વજન મેળવવા પ્રયત્ન કરવો.

લીલા પાંદડાવાળા શાકભાજી, કાકડી, ટમેટા, ગાજર, ફણગાવેલા કઠોળ, કચુંબરનો છુટથી ઉપયોગ કરવો.

ઠંડા પીણા, શરબત, ચોકલેટ, પૂરી–પરોઠા, મલાઈની વસ્તુઓ, મિષ્ઠાન, મીઠા ફળો, કેક, બિસ્કીટ, ગળ્યાં અથાણાં પચાવવા માટે સ્વાદુપીન્ડ–પેન્ક્રીયાસના ઈન્સ્યુલીનની જરૂરત રહે છે. તે ડાયબિટીઝના દરદીઓમાં નહિવત હોય છે. ઈન્સ્યુલીનની ગોળી કે ઈન્જેકશનથી બહારથી લેવામાં આવે છે માટે આ પદાર્થો ખાવામાં લેશો નહીં.

ખોરાક બે વાર લેવાને બદલે થોડા થોડા સમયે ત્રણ કે ચાર વાર લેવો. સાથો સાથ આહારમાં નિયંત્રણ અપનાવશો. ખાવામાં પરેજી પાળશો. શારીરિક શ્રમ–કસરત–ચાલવાનું–જોગીંગ, પ્રાણાયમ, યોગ–વિ. ડાયબિટીસના દરદીઓએ જીવનમાં વણી લેવું જરૂરી છે. ચાવીને સાદું ખાવ અને સ્વસ્થ રહો. વ્યક્તિએ વીણી વીણીને ચરબીયુક્ત પદાર્થો દૂર કરવા જોઈએ. ખોરાકમાં રહેલી સંતૃપ્ત ચરબી – (સેચ્યુરેટેડ ફેટ) કોલેસ્ટ્રોલ વધારવા માટે કારણભૂત બને છે.

**એક હજાર કેલેરી માટે – ડાયબિટીસના દરદી માટે ખોરાક**

**સવારના નાસ્તામાં :–** એક કપ ચા, ૧ કપ મલાઈ વિનાનું દૂધ, ૧ ખાખરો, ૧ રોટલી અથવા દોઢ સ્લાઈસ બ્રેડ.

**બપોરનું જમણ :–** દોઢ રોટલી અથવા 30 ગ્રામ ચોખામાંથી રંધાય તેટલો ભાત, વાટકી દાળ, ૨ વાટકા – ૨૫૦ ગ્રામ લીલું શાક, ૧૦૦ ગ્રામ કચુંબર, ૧ ગ્લાસ છાશ, ૧ વાટકી ( મલાઈ વિનાનું ) દહીં.

**બપરનો નાસ્તો :–** ૧ ખાખરો, ૧ કપ ચા, ૧ નંગ કોઈપણ ફળ–સફરજન, સંતુરું, કેળું, મોસંબી.

**રાતનું જમણ :–** દોઢ રોટલી–અથવા 30 ગ્રામ ચોખામાંથી બનતા ભાત અથવા ખીચડી, ૧ વાટકી કઠોળ, દાળ, ૨૫૦ ગ્રામ લીલું શાક, ૧૦૦ ગ્રામ કચુંબર, ૧ ગ્લાસ છાસ, ૧ વાટકી દહી.

**(નોંધા :– શારીરિક શ્રમ કરતા હોય તો ઉપરના પ્રમાણ–દોઢું કરી ૧૫૦૦ કેલેરી મેળવશો, દોઢ ગણો ખોરાક લેશો.)**

**કેલેરી માટે સભાનતા :– (કેલેરી કોન્સીયસનેસ)**

વધુ પડતો ખોરાક લેવાથી વધુ કેલેરી (ગરમી) જમા થાય છે જેથી ચરબી વધે છે. સામાન્ય વપરાશની વસ્તુની કેલેરી જાણવી જરૂરી છે. જેથી આપણને સમજી શકીએ કે આપણે કેલેરી માપમાં જ લઈએ છીએને. ચરબી ૧ ગ્રામમાંથી ૯ કેલેરી, કાર્બોદિત પદાર્થો ૧ ગ્રામમાંથી ૪ કેલરી મળે છે.

વ્યક્તિનું વજન તેની ઊંચાઈના પ્રમાણમાં હોવું જોઈએ. જેટલી ઇંચ તમારી ઊંચાઈ તેટલા કિલો તમારૂ વજન હોવું જોઈએ. તેનાથી વધારે હોય તેને મેદસ્વી–જાડી વ્યક્તિ કહેવાય. મેદવૃદ્ધિ ઘટાડવા લીલા શાકભાજી અને ફળોમાં ઓછી કેલેરી

હોય છૂટથી લઈ શકાય. મીઠુ ઓછું કરવું. ખાંડમાં કાર્બોહાઈડ્રેટ વધુ છે. વજન ઘટાડવા ઈચ્છનારે ખાંડ છોડવી જોઈએ. બટાકા દૂધ, ઘી, તેલ, માખણ, ઈત્યાદિમાં ચરબી વધુ હોય, મેદ ઘટાડવા ઈચ્છનારે આવા પદાર્થો ખાવા નહિ. ઓછા કરવા. મલાઈ કાઢેલું દૂધ લઈ શકાય. બેઠાડું જીવન હશે તો કબજિયાત રહેશે તથા મેદવૃદ્ધિ થશે. જીવનમાં શ્રમ–કસરત–વ્યાયામ–જોગીંગ–ચાલવાનું વણી લેશો.

ડાયબિટીસનું નિદાન પેશાબમાં સાકરનું પ્રમાણ જાણીને અને લોહીની તપાસ દ્વારા થઈ શકે. લોહીની તપાસ બે વાર કરવી જોઈએ.

| ચીજ | કેલરી | ચીજ | કેલરી |
|---|---|---|---|
| પરવળ | ૧૮ | ચણા | ૩૬૪ |
| દુધી | ૧૪ | અડદ | ૩૪૬ |
| કાકડી | ૧૪ | વાલ | ૩૪૬ |
| તુરીયા | ૧૮ | વટાણા | ૩૪૬ |
| કારેલા | ૨૫ | તુવેર | ૩૩૬ |
| મુળા | ૨૧ | ગોળ | ૩૮૫ |
| પાકા ટમેટા | ૨૧ | ભેંસનુ દૂધ | ૧૧૦ |
| છાશ | ૧૪ | દહીં | ૫૦ |
| ફલાવર | ૪૦ | પાલક ભાજી | ૩૨ |
| ભીંડા | ૪૦ | બદામ | ૬૪૭ |
| રીંગણા | ૩૫ | કાજુ | ૬૦૦ |
| આમળા | ૬૦ | અખરોટ | ૬૯૦ |
| ગાજર | ૪૬ | કોપરૂં | ૪૫૦ |
| કાંદા | ૪૯ | તલ | ૪૬૦ |
| ૧ ચમચા ઘી/તેલ | ૪૫ | સકેલી સીંગ | ૪૬૦ |
| કોબીજ | ૩૨ | મધ | ૩૨૫ |
| મેથીની ભાજી | ૬૭ | પાપડ | ૨૯૦ |
| બાજરા | ૩૬૦ | બટાટા | ૧૦૦ |
| જુવાર | ૩૫૭ | સકરીયા | ૧૩૦ |
| ચોખા | ૩૫૦ | સુરણ | ૭૦ |
| ઘઉંનો લોટ | ૩૫૩ | ગ્લુકોઝ બિસ્કટ નંગ ૧ | ૩૫ |
| મમરા | ૩૨૮ | મીઠો લીમડો | ૯૯ |
| પૌંઆ | ૩૫૦ | કોથમીર | ૪૬ |

**ફાસ્ટીંગ સ્યુગર :**

સવારે કંઈ પણ ખાધા વિના–પેશાબ તથા દર્દીનું લોહીની તપાસ કરી, દર્દીને સ્યુગર–સાકર છે કે નહી તે જાણવું.

**ફાસ્ટીંગ બ્લડ સ્યુગર :**

૭૦ થી ૧૦૦ એમજી/ડી.એલ. (નોર્મલ વેલ્યુઝ) જમ્યા પછી બે કલાક બાદ બીજી વાર તપાસવામાં આવે છે, જેને પોસ્ટ પ્રેન્ડિયલ બ્લડ સૂગર કહેવાય છે. પોસ્ટ પ્રેન્ડિયલ બ્લડ સુગર ૯૦ થી ૧૪૦ એમજી/ડીએલ. નોર્મલ ગણાય છે. તેનાથી વધુ હોય તો ડાયબિટીસ છે તેમ કહી શકાય.

લોહી તપાસ ગ્લુકોઝ ટોલરન્સ ટેસ્ટ ( જી.ટી.ટી.) દ્વારા થઈ શકે છે.

લોહીમાં સાકરનું પ્રમાણ વધે નહીં તે માટે ખાવા–પીવાના સમય ખાસ જાળવશો. લોહીમાં સાકર વધતી જતી હોય તો ડોક્ટરની સુચના અનુસાર ઈન્સ્યુલીનની ગોળી–/ ઈન્સ્યુલીનનું ઈન્જેક્શન લેશો.

રક્તવાહિનીઓ અંદરથી સાંકડી થઈ જતી હોય, ડાયબિટીસના દરદીઓને ઘા–રૂઝતા નથી અને ગેંગ્રીગ થાય છે, ડાયબિટીસથી પીડાતા દર્દીઓને જ્ઞાનતંત્રની વિષમતા જોવા મળે છે. હાથપગમાં કળતર, બળતરા, પગોમાં ખાલી ચડી જવી. મૂત્રાશયમાં બળતરા થવી, લોહીમાં યુરિયાનું પ્રમાણ વધવાથી મૂત્રપિંડ નિષ્ફળ થાય છે. રક્તવાહીનીઓ સખત થઈ જવાથી લોહીમાં ઉંચુ દબાણ–(હાઈ બ્લડ પ્રેશર) વધે છે. વિટામીન 'એ'ની ઊણપને લીધે આંખોનું તેજ ઘટે છે, મોતીયો પાકે છે. ઘણીવાર અંધાપો આવે છે. સગર્ભા સ્ત્રીઓને ડાયબિટીસ હોય તો માતા અને બાળક માટે જોખમ વધે છે. પક્ષઘાતનો સ્ટ્રોક–હુમલો, હૃદયરોગ માટે ડાયબિટીસ કારણભૂત બને છે.

ડાયબિટીસ–મધુપ્રમેહ નિયંત્રણમાં રાખવા આહારમાં નિયમિતતા, શારીરિક કસરત, પરેજીમાં કાળજી રાખવી. (૧) હળદર–આંખળાનો પાવડર ૫૦/૫૦ ટકા ભેળવી, ફાકવો. (૨) તાજા આમળા તથા તાજી હળદરનો રસ કાઢી સેવન કરવું. લીલી હળદરનું અથાણું ખાવું, (૩) કારેલા–લીમડાનો રસ પીવો (૪) જમવા પછી ચાલવાનું રાખવું. (૫) જીવનમાં સારૂં કે નરસું જે કંઈ બને તે સાક્ષીભાવે જોઈ શકવાની ક્ષમતા વ્યક્તિને સુખી કરે છે. માન–અપમાન, યશ–અપયશ, લાભ–હાની, વિ. દ્વંદોમાં દરેક સ્થિતિમાં સાક્ષી થઈને જીવવું એ સુખી અને સ્વસ્થ જીવનની ચાવી છે. આપણી જીવનશૈલીમાં આવશ્યક પરિવર્તનની જરૂયત છે. તે અપનાવી સુખી થશો. આહાર–આચાર, વિહાર–વિચારમાં વિવેક અપનાવશો. પાંચ કર્મેન્દ્રિય અને પાચ જ્ઞાનેન્દ્રિય અને અગ્યારમી ઈન્દ્રિ–મનને નિયંત્રણમાં રાખી સ્વસ્થ રહેશો.

**ડાયબિટીસ જ્યોતિષની દષ્ટોએ :–**

(૧) શુક્ર–સુર્ય અને હર્ષલ ગ્રહ દુષિત.
(૨) ગુરૂ હર્ષલ પાપગ્રહ સંબંધીત
(૩) શુક્ર–શનિ નેપચ્યુનની યુતિ
(૪) મંગળ–બુધ ગ્રહ પાપગ્રહની અસરમાં
(૫) બીજો ભાવ–દ્વિતીયેશ, બીજે રહેલ ગ્રહો
(૬) શુક્ર ગ્રહ કર્ક રાશિમાં કે વૃષભ રાશિમાં સ્વગૃહી–પાપગ્રહથી દુષિત
(૭) મંગળ પ્લુટો પાપગ્રહથી દુષિત
(૮) કન્યા રાશિમાં શનિ પર ગુરૂ–શુક્રની દષ્ટિ હોવી.
(૯) ગુરૂ ગ્રહ સાથે શનિ અને નેપચ્યુન ગ્રહ

(૧૦) ગુરૂ, મંગળ અને પ્લુટો સંબંધિત હોય તો જાતકને ડાયબિટીસ–મીઠી પેશાબનો રોગ–દર્દ થાય છે.

ખોરાકમાં કાર્બોહાયડ્રેટ, પ્રોટીન અને ચરબીનું મેટાબોલીઝમ–રૂપાંતર કરવામાં ઈન્સ્યુલીનનો સ્ત્રાવ અપુરતો થવાથી ડાયબિટીસ થાય છે.


ખાવા પર નિયંત્રણ, દારૂ–તમાકુ છોડશો. ચાલવાનુ રાખશો, કસરત કરશો.

**ઉદાહરણની કુંડળીયો :–**

(૧) જન્મ તા. ૧૪–૧૦–૩૪ જાતકને ચાર પૉઈંટ જેટલો ડાયબિટીસ હતો.

**કુંડળી – ૧**


છટ્ઠે રોગસ્થાનમાં શનિ–રાહુ શ્રાપિત દોષ, શુક્ર, બુધ પરિવર્તન યોગ. ખાવાનો જબ્બર શોખ આપેલ.




**કુંડળી – ૨**

મોટા વેપારીની કુંડળીમાં ચાર ટકાનો ડાયાબિટીસ છે. લગ્નેશ બુધ છટ્ઠે રોગ સ્થાનમાં નિર્બળ.

ષષ્ઠેશ–મંગળ, શુ ક્ર, શનિ, રાહુ સાથે દુષીત થયો છે.




**ડાયબિટીસ મધુપ્રમેહ :–**

(૧) આઠમા–મૃત્યુભાવમાં શનિ, મંગળ, રાહુ કે કેતુ તથા ગુરૂ, શુક્ર દુષિત હોય અથવા ચંદ્ર, ગુરૂ પાપગ્રહ સંબંધીત હોય–દુષિત હોય તો જાતકને ડાયબિટીસ થાય છે.

(૨) લગ્નમાં શનિ, મંગળ, રાહુ કે કેતુ–પાપગ્રહ હોય તથા ગુરૂ, શુક્ર પાપગ્રહ સંબંધીત દૃષ્ટિ–દુષિત હોય તો વ્યક્તિને ડાયબિટીસ થવાની શક્યતા વધુ રહે છે.

(૩) શુક્ર પાપગ્રહની સાથે લગ્નમાં કે છટ્ઠે, આઠમે કે બારમે હોય તો વ્યક્તિને ડાયબિટીસ અચુક થાય છે.

(૪) સપ્તમેશ છટ્ઠે, આઠમે કે બારમે હોય તો, અથવા સપ્તમેશ પાપગ્રહથી દૃષ્ટિ કે યુક્ત હોય તો ડાયબિટીસ–મીઠી પેશાબ થાય છે.

(૫) ષષ્ઠેશ–સપ્તમેશનો પરિવર્તન યોગ હોય અને બેમાંથી એક ગ્રહ ગુરૂ હોય તો પણ ડાયબિટીસનો નિર્દેશ થઈ શકે છે.

(૬) પાપગ્રહ લગ્નમાં હોય તેમજ ચેંદ્ર–ગુરૂ પાપગ્રહથી દુષિત નિર્બળ હોય તો તેમજ આઠમે શુક્ર પાપગ્રહ સંબંધીત હોય તો ડાયબિટીસ થવાની સંભાવના વધે છે. માટે સ્યુગર ટેસ્ટીંગ કરાવવું, કાળજી લેવી.

(૭) સપ્તમેશ સૂર્ય સાથે કે સિંહ રાશિમાં–(સૂર્યની રાશિમાં) કે સૂર્ય નવમાંશમાં હોય તો ડાયબિટીસ થાય.

(૮) ગુરૂ છઠ્ઠા ભાવમાં પાપગ્રહથી દૃષ્ટિ અથવા ગુરૂની નવમાંશમાં મેષ, વૃશ્ચિક, મકર, કુંભ ( પાપગ્રહના નવમાંશમાં) રાશિમાં હોય તો મીઠી પેશાબના રોગ થાય છે.

ડો. ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક

# મેળાપકમાં ગ્રહમેળ

મેળાપક એ ભારતીય જ્યોતિષશાસ્ત્રની વિશિષ્ઠ પરંપરા છે. પરંતુ આધુનિક યુગમાં અપૂર્ણ જ્ઞાનને લીધે આ શાખાનો સદુપયોગ થવાને બદલે પ્રજાને ડરાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. મેળાપકમા મંગળવાળી કુંડળી માટે ઘણા ભ્રમ ફેલાવવામાં આવે છે. જો માંગલિક કુંડળી હોય તો દાંપત્યજીવન તૂટશે, વૈધવ્ય કે વિધુરત્વ આવશે, ખુબ વિખવાદ થશે જેવા ભય બતાવવામાં આવે છે. પરંતુ બંને પાત્રોની કુંડળીનો અભ્યાસ કર્યા પછી જ કોઈપણ નિર્ણય લેવો જોઈએ. મેળાપક માટે ગ્રહોનો મેળ નીચે પ્રમાણે જોવો. સૂર્ય, મંગળ, શની જેવા ગ્રહ ખાસ જોવા. સૂર્ય–કુંડળીમાં બળવાન સૂર્ય ઉદાર હૃદયવાળા, કુલાભિમાની, ખાનદાન સ્વભાવના, મોટા દિલના, મહેમાનગીરી કરનારા, ખુલ્લાદિલના, શત્રુઓ સાથે સમભાવ રાખનાર, ભવ્ય, નિર્ભય, પવિત્ર, સત્યપ્રેમી હોય પણ સૂર્ય દૂષિત હોય તો માનવને ગર્વિષ્ઠ, સહાનભુતિ ન બતાવનાર, કઠોર હૃદયનો, ગપ્પા મારનાર, હથેળીમાં ચંદ્ર બતાવનાર, લડાઈટંટા કરનાર, રાજ્યથી ભય ઉત્પન્ન કરનાર, અધિકારી વર્ગથી હેરાન થનાર હોય છે.

મંગળ–બળવાન મંગળ ધન આપનાર, ઋણહર્તા, રોગનો નાશ કરનાર, સુંદર સ્ત્રી કે પતિ આપનાર, વંશને ઉજ્જવલ કરે તેવો પુત્ર આપનાર, વૃષ્ટિ–વરસાદ લાવનાર, સામ્રાજ્ય આપનાર, ઝડપથી, તાત્કાલિક નિર્ણયાત્મક બુદ્ધિ, ક્રોધ, જુસ્સો વગેરે આપે. નિર્બળ મંગળ ધન હરનાર, રોગ કરનાર, દરેક કાર્યમાં વિઘ્ન કરનાર, હથિયાર કે ઓજાર વાગવાથી ભય, અકસ્માત, ઓપરેશનથી ભય, મારામારીમાં અગ્રેસર, હુકમ કરનાર, સત્તા વાપરવામાં અગ્રણી, સખ્તાઈથી કામ લેનાર, જલ્દી છંછેડાઈ જનાર હોય છે.

શનિ – શનિ બળવાન હોય તો ધન આપનાર રાજ્યદાયક હોય. વ્યક્તિ મૌન ધારણ કરનાર, ગુપ્તતા જાળવનાર, મુત્સદી, મહેનતુ, મીંઢાપણું, ખંત, ધીરજ, સહનશીલતા આપનાર હોય છે. ગુપ્ત રીતે કામ કરીને જીત મેળવે. નિર્બળ શનિ અતિકષ્ટ આપનાર દરેક કાર્યમાં વિઘ્ન અને મુશ્કેલીઓ ઉત્પન્ન કરનાર, ઉદ્વેગ ને ઉદાસીનતામાં નિરાશામાં વ્યક્તિને દાબી રાખનાર, એકલવાયુ, અતડું જીવન ગાળવા માટે મજબૂર કરનાર છે.

રાહુ – ભય પમાડીને હેરાન કરનાર ગણાય છે. કેતુ પણ રાહુ જેવો પરંતુ મોક્ષપ્રદ છે. આ બધા ગ્રહોના પરસ્પર રાશિ અને સ્થાનના સંબંધ દ્વારા મેળાપકમાં સારુ કે ખરાબ પરિણામ મળશે તેની જાણકારી મેળવી શકાય છે.

શનિ અને મંગળનો સ્વભાવ પરસ્પર વિરોધી છે. જો તે જન્મકુંડળીમાં સાથે, નજીકના અંશોમા હોય, કેન્દ્રયોગમાં ( પરસ્પરથી અંતર ૯° ની આસપાસ હોય) કે પ્રતિયોગમાં, ષડાષ્ટકમાં કે દ્વિદાદશભાવમાં હોય તો અનિષ્ટ પરિણામ લાવે છે.

મંગળ – શનિના નેષ્ટ સંબંધમા જો રાહુ અને હર્ષલનો યોગ થતો હોય તો અણધારી મુસીબત ઉભી થવાનો સંભવ થાય છે. સિવાય કે મંગળ મેષ કે મકર રાશિમાં હોય અને શનિ, રાહુ તેના જ અંશમાં ન હોય કે મંગળ આ બંનેથી અંશાત્મક રીતે ખુબ આગળ હોય એટલે કે ઈસરાફ યોગમાં હોય. જો મંગળ આ બંને ગ્રહોથી ઈત્થશાલ યોગમાં હોય તો મંગળ, શનિ ને રાહુનું યુદ્ધ જામે અને નેષ્ટ પરિણામ આપે જેમ પૃથ્વીમાં ધરતી કંપ થાય છે તેવા ધરતીકંપ જીવનમાં થવા સંભવ રહે. જાનવરોથી, સાપ, વીંછી કે ગોળીબારથી હેરાનગતિનો સંભવ રહે. મારામારી, તીક્ષણ હથિયારનો ઉપયોગ જેવા મંગળના ઝનૂની સ્વભાવનો યોગ બળ પામે.

આમ મંગળ, શનિ અને રાહુના નેષ્ટ ગુણોને ઉશ્કેરે છે. અને ખરાબ પરિણામો લાવે છે. પણ જો મંગળ સ્વગૃહી હોય તો શનિ, રાહુ જે અવ્યવસ્થા સર્જવાના હોય તેને રોકે છે. જેમકે સાતમા સ્થાનમાં રાહુ કે સંબંધમાં રાહુ હોય તો વર્ણાંતર લગ્ન કે ઉત્તરતા કુળમાં લગ્ન કરાવે પણ મંગળ સ્વગૃહી કે ઉચ્ચનો હોય તો આવા લગ્ન ન થવા દે. તેજ રીતે તે શનિના નેષ્ટ ફળોને પણ રોકે.

તેવી જ રીતે સૂર્ય અગ્નિ છે અને મંગળ પણ આગ્નેય, અંગારક છે. ભલે તે પૂર્ણપણે અગ્નિ નથી પણ તે અતિપ્રચંડ છે. આ બંને ગ્રહો ભેગા થત્તાં મહાન, ભયંકર અગ્નિ ઉત્પન્ન કરે. બંને જેટલા ભયંકર રીતે બળવાન તેટલો વધુ વિનાશ સેજ આથી સપ્તમ સ્થાનને પીડનારા આ બે ગ્રહો યુતિમાં, પ્રતિયુતિમાં કે કેન્દ્ર યોગમાં હોય. યુતિમાં ઈત્થશાલ યોગ હોય તો વધુ વિનાશ સંભવે. ઈશરાફ યોગ હોય તો વિનાશ ન થાય અથવા ઓછું નુકસાન થાય. પરંતુ મંગળ ઝનૂની, આકસ્મિક રીતે કામ કરનાર, ક્રોધી હોવાથી શસ્ત્રઘાત વગેરેનો યોગ રાશિબળ પ્રમાણે કરશે જ તેથી તે સૂર્યની રાશિને વધતી ઓછી હેરાનગતિ કરે જેમકે વાઢકાપ, દાઝીજવું, ફોલ્લા, પાણીથી દાઝવું, લાવારસથી નુકસાન થવું વગેરે શકયતા રહે. આ યોગમાં આગ અને હથિયારોથી નુકસાન થાય જ્યારે મંગળ, શનિ કે સૂર્ય, શનિના યોગથી લાઠીમાર, કૂવો, વાવમાં પડવું, વાગવું, મકાન હોનારતમાં દબાઈ જવું વગેરે બનાવો બનવાની શક્યતા રહે. જો સૂર્ય વૃશ્ચિક રાશિમાં સાતમા ભાવ હોય તો પણ આવા બનાવો બને છે જો રાહુ, મંગળ યુતિમાં હોય તો મંગળ રાહુની કારક બાબતોને ઉશ્કેરે છે. ખાસ કરીને બંને ઈત્થશાલ યોગમાં હોય તો આ બંને વિરુદ્ધ ગ્રહોમાં યુદ્ધ જામે છે. તેથી આવી વ્યકિત વિપરીત વર્તન કરવા ઉશ્કેરાય છે. જો સૂર્ય, શનિ, રાહુ, મંગળ સાથે યોગમાં હોય તો તે મંગળની અસરને દબાવી શકે નહિ અને સાથે જો હર્ષલ હોય તો વિચિત્ર અણધાર્યા સંજોગો ઊભા કરે કે વીજળીમાં, રેલ્વે, વિમાન, બસ, મોટર, રિક્ષા, સાઈકલ, ખટારા વગેરે વાહન વ્યવહાર ની ધમાલમાં કે અકસ્માત કે ધરતીકંપના યોગો કરે. જો આ

હર્ષલ સાથે શુક્ર યુતિમાં હોય તો શુક્રના પ્રેમયોગને ઉશ્કેરીને તેના સંબંધ તોફાન, મારામારી કે વિચિત્ર ઉપયોગ કરાવી શકે.


આમ મંગળનો મુખ્ય સ્વભાવ પ્રોત્સાહનનો છે તે પ્રેરક ને સંચાલક બને છે. કોઈકવાર ડહાપણથી તો કોઈકવાર ઉધ્ધતાઈથી પરચો બતાવે છે. જો કે મંગળ, શુભ ગ્રહોના યોગમાં પણ નેષ્ટ પરિણામ ઊભું કરે. જેમ કે શુક્રના યોગમાં કામવૃત્તિને ઉશ્કેરી તેને વ્યભિચારી બનાવી શકે અથવા ખોટા મોજશોખ, સિનેમા, એક્ટ્રેસ વગેરે પાછળ ખર્ચ કરાવે. જળરાશિમાં આ યોગ અત્તર – સેંટના વધુ પડતા ગાંડપણ કે દારૂની બદી યા ગુપ્ત રોગો વગેરે કરે. તેવી જ રીતે ચંદ્ર, બુધના સંબંધમા હોવાથી મંગળ ભ્રમણા, ગાંડપણ, વધુપડતું બોલવું, ગાળાગાળી, જળઘાત, સ્ત્રી રોગો, લવારો, અપકિર્તી વગેરે પ્રસંગો ઊભા કરે. ચંદ્ર, મંગળ સ્ત્રી રોગ ઉપરાંત દારૂથી થતા રોગો પણ કરે, ગાંડપણ, ઉધ્ધતાઈ, સ્વચ્છંતા વગેરે કરે.

જન્મસમયે સૂર્ય, મંગળનો શુભયોગ, શુભરાશિમાં હોય કે પૂર્ણ અંશે નવપંચમ હોય તો વધારે સારું ફળ આપનાર બને જો આ સંબંધ દેહ, ધન, કર્મ, ભાગ્ય, લાભ સ્થાનમાં થતો હોય તો વધુ સારું ફળ આપે પણ આ સંબંધ કોઈપણ રીતે હર્ષલ, રાહુ, શનિ કે નેપચ્યુનથી દૂષિત હોવો જોઈયે નહી. દુષિત હોય તો વિઘ્નો ને મુશ્કેલીઓ ઊભી કરી, હેરાનગતિ સંભવે. મંગળ–શનિનો યોગ, ૬૦ કે ૧૨૦ અંશનો હોય તો ઉત્તમ ફળ આપે. મંગળ–શનિની મર્યાદિત શકિત, શુભનિષ્ઠા અને કુનેહનો યોગ થાય ત્યારે સંપૂર્ણ સફળતા મળે છે. શારીરિક બળ, તાકાત અને ચીટકીને કામ કરવાની શકિત વધે તેમાં પણ શુક્ર જો આ બંનેમાથી એક ગ્રહ સાથે શુભ નવપંચમ અને બીજા સાથે ૬૦ નો યોગ કરતો હોય તો લગ્નજીવન સુખી થવામાં આ યોગ સહાયક થશે. શુક્ર–શનિનો શુભયોગ દીર્ઘકાળનું સુખી લગ્નજીવન પ્રદાન કરે અને મંગળ સાથેનો યોગ સ્નેહ, વૃદ્ધિ, આર્દ્રતા ને હાર્દિકતા બનાવી લગ્નજીવન વધુ સુખી કરે છે. એટલે કે નાણાકીય કે કૌટુંબિક સ્થિતિ વિકટ હોય તો પણ જીવન સુખી રહે છે. ડહાપણ ભરેલી કરકસર બચત વગેરેના યોગ શુક્ર, શનિ ઊભા કરે, સારી આવકના યોગ કરે અને મંગળ બધી રીતે અનુકૂળ રહી આ બધા કાર્યોમાં ઉષ્મા આપે, પ્રોત્સાહક બને તેથી જીવન નિરસ થતું નથી શનિ–મંગળનો કેન્દ્રયોગ સાધારણ રીતે ખરાબ ફળનો નિર્દેશ કરે છે પરંતુ આમાં અપવાદરૂપ મેષનો મંગળ, મકરનો શનિ છે જે ખટપટ, ગરબડ પછી શુભ ફળ આપે, કર્કમાં શનિ, મેષમાં મંગળ હોય તો શુભફળ આપે છે પરંતુ કુંભમાં શનિ, વૃશ્ચિકમાં મંગળ હોય તો ઘર્ષણ વધુ થાય. સાતમા સ્થાને વૃશ્ચિકનો મંગળ જો કુંભના શનિથી દ્રષ્ટ હોય તો ઘણું સંભાળવું પડે. કન્યામાં મંગળ, ધનમાં શનિ હોય તો આંતરડાને નુકસાન, તુલામાં મંગળ ને મકરમાં શનિ હોય તો સમતોલપણું જળવાઈ રહે ધનનો મંગળ, મીનનો શનિ અસંતોષ, ખટરાગ, મહેનત કરાવે. જો આજ રીતે શનિ પાછળની રાશિ અને મંગળ આગળની રાશિમાં રહીને કેન્દ્રયોગ કરતાં હોય તો જો અશુભ યોગ કરતા હોય તો ખટપટ, ધમાલ, તોફાન, ગરબડ વગેરે લગ્નજીવનમાં થાય. પણ જો શનિ કે મંગળ સપ્તમ સ્થાનથી ૧૩૫૦ અને ૪૫૦° માં હોય તો ખરાબ ફળ આપે છે એટલે જો મંગળ સપ્તમ ભાવમા હોય અને શનિ તેનાથી ૧૩૩ થી ૧૩૭ અંશમાં હોય તો ઘણું નેષ્ટ ફળ આપશે શનિ પાછળ અને મંગળ આગળ હોય અને બંને વચ્ચે ૪૪૩ થી ૪૪૭ નું અંતર હોય અને આ બંનેમાંથી એક ગ્રહ સપ્તમ સ્થાન સાથે સંબંધ સંકળાયેલો હોય તો પતિપત્નીમાંથી કોઈ એકને વિધુરત્વ કે વૈધવ્યનો યોગ કર. ખાસ કરીને આ યોગ દેહભાવ, ધનભાવ અને સપ્તભાવના સંબંધમાં હોય. મેળાપક કરવામાં શનિ–મંગળનો પરિવર્તન યોગ હોય પણ આ યોગમાં રાહુ, સૂર્ય જેવાની કે હર્ષલની અશુભ યોગની અસર હોય તો તે પરિવર્તન યોગને દૂષિત કરી નેષ્ટ ફળ આપવા પ્રેરશે, સ્ત્રીની કુંડળીમાં સૂર્ય, શનિ, હર્ષલનો અશુભ યોગ કમનસીબ લગ્નજીવન કરશે. કદાચ લગ્ન થાય તો મોડું ને લગ્ન પછી કોઈને કોઈ સુખની હાનિ કે ઊણપ રહે. સૂર્ય, હર્ષલ, શનિ કે મંગળથી યુતિમાંથી છૂટો થતો હોય તો વૈધવ્ય કે અસુખી લગ્નજીવનનું સૂચન કરે. સૂર્ય ગુરુ સાથે યુતિ કરતો હોય કે ૧૨૦ હોય તો લગ્નજીવન સુખી હોય પણ તે મિથુન, કન્યા, ધન કે મીનમાં હોય તો વિવિધ યોગો થયા પછી લગ્ન થાય. સ્ત્રીની કુંડળીમાં સૂર્ય જો દસમા, સાતમા, ચોથા અને પહેલા ભાવની વચ્ચે ગમે ત્યાં હોય તો આ સ્ત્રીઓ વહેલી પરણે અથવા પોતાનાથી નાની ઉંમરના પુરુષને પરણે આથી ઊલટું સૂર્ય દશથી એક અને સાતથી ચાર ભાવમાં હોય તો લગ્ન મોડાં થાય અથવા પોતાનાથી મોટી ઉંમરની વ્યક્તિ સાથે થાય. પુરુષની કુંડળીમાં સૂર્ય ચોથા ભાવથી દસમા ભાવમાં હોય તો પોતાનાથી નાની ઉંમરની સ્ત્રી સાથે લગ્ન થાય અથવા જલ્દી પરણે આથી ઊલટું હોય તો ઊલટું જાણવું. પુરુષની કુંડળીમાં જો સાતમા ભાવ અને સપ્તમેશનો શુભ યોગ ન હોય તો સૂર્ય ને ચંદ્ર ઉપરથી નિર્ણય કરવો. સૂર્ય સ્ત્રીની કુંડળીમાં ચંદ્ર પુરુષની કુંડળીમાં ખરાબ યોગમાં હોય અને પુરુષ યા સ્ત્રીના લગ્નેશ, સપ્તમેશ ૯૦ અંશે હોય તો લગ્નજીવન કંકાસવાળુ જાય. ૧૮૦ અંશે લગ્નેશ, સપ્તમેશ હોય તો મરણ યા છુટાછેડા, વિયોગ રહે. અહીં એકનો લગ્નેશ અને બીજાના સપ્તમેશનો યોગજોવો. સ્ત્રીની કુંડળીમાં સૂર્ય જે ગ્રહો સાથે યોગ કરતો હોય તેવા પુરુષોની સાથે તેને સંબંધ થશે ને લગ્નયોગ થશે. સૂર્ય સાથે યુતિમાં બેઠેલા ગ્રહ તે પુરુષનું વર્ણન આપશે પતિ–પત્નીના ચંદ્ર–સૂર્ય એકબીજાની રાશિમાં હોય એટલે એકને જે રાશિમાં સૂર્ય હોય તે જ રાશિમાં બીજાને ચંદ્ર હોય તો લગ્નજીવન સુખી રહે. ફક્ત મેષ રાશિનો આવો યોગ તકરારો કરાવે છે. જો સૂય–ચંદ્ર એકબીજાના શુભ યોગમાં ૧૨૦, ૬૦ અંશમા અંતરે હોય તો પણ લગ્ન સુખી થાય. ચંદ્ર અથવા શુક્ર, મેષ, સિંહ, કન્યા કે મકર રાશિમાં હોય અથવા આ રાશિઓ ૩,૬,૯,૧૨ ભાવમાં હોય તો લગ્નની મુશ્કેલી જાણવી. ચંદ્ર, સૂર્ય પીડ્તિ હોય અને શનિ ને ચંદ્ર દસમા ભાવથી ચોથા ભાવ સુધીમાં હોય તો લગ્નમાં વિધ્ન, વિરોધ, વિલંબ જાણવા અથવા લગ્ન ન પણ


થાય. વધુ પડતા ગ્રહો ૩,૬,૯,૧૨ ભાવમાં હોય કે વંધ્યા રાશિમાં હોય તો પણ આવું જ ફળ જાણવું. ચંદ્ર દ્વિસ્વભાવ રાશિમાં ને શુક્ર દ્વિસ્વભાવ રાશિમાં સાતમે હોય તો પણ એવું જ સમજવું. ચંદ્ર કે શુક્ર મેષ, સિંહ, કન્યા, મકર કોઈકવાર મિથુનમાં હોય તો લગ્નમાં મુશ્કેલી અથવા વિલંબ થાય. આવા યોગ ૩,૬,૯,૧૨ ભાવમાં હોય અને શનિથી પીડિત હોય તો મુશ્કેલી વધુ જાણવી. ચંદ્ર અને મંગળ પ્રતિયોગ કે કેન્દ્રયોગમાં કે પેરેલલ હોય તો લગ્નજીવનમાં કોની સત્તા વધારે રહે તે અંગે ખટપટ થયા જ કરે. અસંતોષ, કજિયા શબ્દોના બાણ છોડાયા કરે જો, આ પ્રમાણે ચંદ્ર અને હર્ષલનો યોગ હોય તો એકાએક છૂટાછેડા, બેવફાપણું, અને વિચિત્ર અનુભવો થાય. આ બેમાંથી કોઈ ગ્રહ સાતમા ભાવે હોય કે અગ્નિતત્વની રાશિમાં હોયતો લગ્નજીવન વધારે નિષ્ફળ જાણવું. હર્ષલ પ્રેમયોગ સંબંધમા વિશેષ ભાગ ભજવે છે કેમકે હર્ષલવાળી વ્યક્તિની લાગણીઓ તરત ઉશ્કેરાય છે. જો ચંદ્ર હર્ષલ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ કરતો હોય તો ઉતાવળા લગ્ન થઈ જાય છે. પણ આવા લગ્ન કરવામાં ધ્યાન રાખવું કેમકે લગ્ન પછી બીજી વ્યક્તિનુ આકર્ષણ થવા માંડે.

ઉપરની કુંડળીમાં પતિ–પત્નિના સપ્તમ ભાવ ખરાબ નથી. પરંતુ અહીં પત્નિનો મંગળ પતિના મૃત્યુનો કારક ગણાય કેમકે તે બારમા ભાવે ચંદ્રયુક્ત છે. અને મંગળ મકર રાશિનો ઉચ્ચનો છે, જ્યારે પતિને કુંડળીમાં શનિ, મંગળ, સૂર્ય, શુક્ર યોગો જોતા જણાય છે કે શનિ રાહુ થી પીડિત છે, મંગળ પણ સૂર્ય થી પીડિત છે, શુક્ર પણ શનિ દ્વારા પીડિત છે વળી સપ્તમેશ શનિ પત્નિકારક શુક્ર યુતિમાં છે, સૂર્ય–મંગળ યુતિમાં છે, પત્નિની કુંડળીમાં શનિ શુક્રની યુતિ છે પતી–પત્નિ બંનેની કુંડળીમાં શનિ–શુક્ર પરસ્પર કેન્દ્રયોગમા હોવાથી વૈમનસ્ય કરાવનાર છે વળી પતિની કુંડળીના ચંદ્ર, નેપચ્યુન યુતિ શનિ, સૂર્યની શત્રુ યુતિ તેમજ ચંદ્ર, નેપચ્યુન શનિ થી ષડાષ્ટકમાં અને સૂર્યથી પ્રતિયુતિમાં છે વળી પતિને શનિ અષ્ટમેશ બને છે તેનું છઠ્ઠા ભાવે સૂર્ય પરથી ગોચર ભ્રમણ થયું, સૂર્ય સાથે ક્રાંતિ થઈ વળી ધનુરાશી છઠ્ઠા ભાવે ક્ષય રોગનુ સુચન કરે છે. આ પતિ માટે મૃત્યુકારક સંજોગો સુચવેછે. પત્નિને સાતમા ભાવે ગુરુ પતિનુ આયુષ્ય વધારી ન શકયો.

પતિની કુંડળી





પત્નીની કુંડળી





અહી પતિની કુડળીમાં શુક્ર સ્વગૃહી, શનિ મિત્ર રાશિમાં વિલંબથી સંતાન યોગ આપે છે. ગુરુથી પાંચમું સ્થાન ગુરુથી દ્રષ્ટ અને મેષના સૂર્યથી દ્રષ્ટ, ચંદ્રથી પાંચમું સ્થાન મેષના સૂર્યથી યુક્ત, ગુરુનું પાપકર્તરીમાં હોવું પ્રથમ સંતાન જાય અથવા વિલંબથી સંતતિ યોગ સૂચવે છે. પત્નીની કુંડળીમાં ચંદ્રથી પાંચમું સ્થાન મિથુન રાશિ શુભ સૂર્યથી દ્રષ્ટ છે ગુરુથી પાંચમું ગુરુ દ્રષ્ટ છે પંચમેષ બુધ જળતત્વની રાશિમાં સંતાન યોગ છે. પણ મોડો છે અહી પત્નીને મંગળ છે પતિને નથી પણ પત્નીનો મંગળ શનિથી આગળ છે તેથી વૈધવ્યદોષ નથી. જેવી રીતે જ.કુ.માં સાતમે મંગળ પતિ માટે મારક થાય તેમ પતિને બીજે મંગળ, શનિદ્રષ્ટ પત્ની માટે મારક થાય કેમકે પત્ની સ્થાન સાતમાથી આઠમા ભાવેછે જે પત્નીનું મૃત્યુસ્થાન છે. પત્નીને ચંદ્રથી સાતમે મંગળ છે તો પતિને ચંદ્રથી સાતમે ગુરુ છે, આમ પતિ કે પત્ની લગ્ન પછી મધ્યવયમાં મૃત્યુ ન પામે.

દ્રષ્ટાંત – ૨ પતિની કુંડળી




પત્નીની કુંડળી




વળી પતિનો લગ્નેશ શનિ મિત્રક્ષેત્રી, મિત્ર સાથે યુતિમાં શુભ ગ્રહના યોગમાં છે પતિનું લગ્નસ્થાન, સૂર્ય અને ચંદ્ર જરાપણ દૂષિત નથી, આથી પતિ કરતા પત્ની પહેલી જાય કેમકે પત્નીની મંગળ, લગ્નમાં બેઠેલા ચંદ્ર પર દ્રષ્ટિ કરીને દેહભાવને તોડે છે.

વળી પત્નીની લગ્નરાશિ કુંભ પતિની કુંડળીમાં બીજા ભાવમાં ને પતિની લગ્નરાશિ મકર પત્નીને બારમા ભાવે આવતાં પત્નીને સૌભાગ્ય યોગ આપે છે. પત્ની અલ્પાયુષી નથી કેમકે લગ્નેશ શનિ, શુભ ગુરુથી દ્રષ્ટ છે આમ ગ્રહમેળ મેળવવાથી જાતકોને સુખી લગ્નજીવન જીવવાનો મોકો મળી શકે છે.

શ્રીમતી બીના જોશી

# " આરોગ્યની જાળવણીમાં જ્યોતિષવિદ્યાનું યોગદાન"

''પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે કોઠીએ જાર,
ત્રીજું સુખ તે સુલક્ષણાનાર,
ચોથું સુખ તે સારા સંતાન''

**DR. HARILAL V. MALDE**
F.R.M.P., G.R.M.P., S.B.M.
Teletherapist

પાંચ તત્વોનો ખેલ આ જગત છે આમા બે બે મહાભૂત મળી એક એક દોષ બનેછે મનુષ્યોને સઘળા દર્દો પોતપોતાના કર્મો દ્વારાજ ઉપજેછે અને એ કર્મો સંચીત, ઉદીંત કે Instant હોય છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારેય પુરૂષાર્થ સારીરીતે થઈ શકે એ માટે આરોગ્ય જરૂરી છે. રક્ત કણ મંગળથી જોવાય, સફેદ કણ શુક્રથી જોવાય, રીફાઈન્ડ white Liquid પણ શુક્રથી જોવાય અને પ્લાઝમા ચંદ્રથી જોવાય. બધાનું લોહી દેખાવ અને રંગમાં એક સરખું હોય છે. બધાના લોહીમાં પ્લાઝમાંના પ્રવાહીમાં તરતા લાલકણો અને સફેદ કણો તો હોય છે જ, માઇક્રોસ્કોપમાં જોઈએ તો પીળા પ્રવાહીમાં લાલ અને સફેદ કણો તરતા દેખાય. આ લાલ કણોને ઝીણવટથી તપાસીએ તો તેની જુદી જુદી રચના જોવા મળે. આ વારસાગત છે. લાલ કણોની સપાટીપર લાગેલા સુગર મોલેક્યુલસ સંખ્યા પરથી બ્લડ ગ્રુપ નક્કી થાય છે. આ મોલેક્યુલસ એન્ટીજન (એક પ્રકારનુ પ્રોટીન) કહે છે. વિજ્ઞાનીએ એન્ટીજનને એ અને બી અને એબી તેમજ એન્ટીજન વિનાનાને ઓ ગ્રુપની ઓળખ આપી છે. આ ગ્રુપની શોધ પછી એક વધારાનું આર એચ એન્ટીજન પણ શોધાયું છે. અને તેથી હવે કુલ આઠ જાતના બ્લડ ગ્રુપ નક્કી થયા છે. આમાથી અમુક બ્લડ ગ્રુપ નાં છોકરા છોકરી પરણે તો એમને આવનારૂ બાળક લોહીની કેટલીક વિસંગતી સાથે જન્મેતેવી શક્યતા નિવારવા માટે સલાહ છે કે મેરેજ મેચીંગ કરાવીનેજ કરવું. માત્ર દોકડા મળવાથી મેરેજ મેચીંગ નથી થઈ જતું. પરફેક્ટ મેચીંગ કરવા માટે કુડળી ના ભાવો (બંનેના) મેચીંગ કર્યા પછીજ કરવા. મેચીંગ ન થતુ હોય તો વિવાહ સંબંધ ટાળવો જોઈએ. મેરેજ મેચીંગ ન કરાવ્યું હોય એવા દંપતીએ એમની વચ્ચેના સંબંધથી ગંભીર બિમારી વાળા બાળકને સ્વીકારવાની તૈયારી રાખવી પડે જેમ કે લોહીનું હિમોગ્લોબીન બનાવતા પ્રોટીનની ચેન ક્ષતિયુક્ત હોય એવા સ્ત્રી-પુરૂષ પોતે થેલેસેમીયા જેવી બીમારીથી પિડાતા હોય. એમની વચ્ચે સંબંધ બંધાય તો એમનું બાળકપણ થેલેસેમિયા સાથે જન્મે એના કરતા બેહત્તર છે કે પરણતા પહેલા મેરેજ મેચીંગ સારા જ્યોતિષી પાસે કરાવી લે.

થેલેસેમિયા જેવો બીજે એક રોગ છે સિક્લસેલ એનીમિયા. આપણ એક પ્રકારની લોહીની વિસંગતી છે, માનવ દેહ જેમ જેમ વૃધ્ધ થાય છે એમ તેમા રોગોની વસતી વધતી જાયછે. છઠ્ઠાના માલિક રાહુ જોતો હોય તો ડૉક્ટર ને રોગની ખબર ના પડે, ચોથાના માલિક રાહુ જોતો હોય તો મૃત્યુનું કારણ ખબર ના પડે. ડૉક્ટર ડેથ સર્ટીફીકેટમાં ત્રણ થી ચાર કારણો દર્શાવે.

અદ્‌ભુત જ્યોતિષ શાસ્ત્રનો જીવન વ્યવહારમાં કેવી રીતે ઉપયોગ થઈ શકે એ દર્શાવવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે. આ લેખમાં આરોગ્ય જાળવવામાં, રોગોનાં નિદાનમાં અને સારવારમાં આ શાસ્ત્ર કેવી રીતે ઉપયોગી થઈ શકે એ જોઈશું. માત્ર એક લકીરનો ફરક છે શસ્ત્ર અને શાસ્ત્રમાં, ખુદ અને ખુદામાં. આયુર્વેદ અને જ્યોતિષ વચ્ચે ગાઢ સંબંધ છે. આયુ+વેદ= આયુર્વેદ જે અથર્વવેદ ની શાખા છે. આયુર્વેદ નો કારક સૂર્ય છે, હોમીયોપથીનો કારક મંગળ છે. માલિક વિનાના સુના ઘર સાથે મેડીકલ એસટ્રોલોજી વિનાના જ્યોતિષીની સરખામણી થાય છે. આયુર્વેદમાં કેટલીક દવાઓ ચંદ્રના પ્રકાશ માં તૈયાર કરવી, અમુક વનસ્પતી ચોકસ નક્ષત્રમાં લાવવી અને ઔષધી બનાવવી, આમ આ શાત્ર દ્વારા માનવી પોતાની પ્રકૃતિ ને જાણી એ મુજબનો આહાર વિહાર નિયંત્રીત કરી રોગોને આવતા અટકાવી શકે છે. પ્રવાલ પિષ્ટી, ભષ્મ, ગુગલ વગેરે. જે પીડા કરે તેનુ નામ રોગ, જે વિવિધ દુખો આપે તેનુ નામ વ્યાધી. જ્યોતિષ શાસ્ત્ર એ પ્રત્યક્ષ શાસ્ત્ર છે. જયાં સૂર્ય અને ચંદ્ર સાક્ષી છે. પૂર્ણિમાં અને અમાવસ્યા વખતે ગાંડપણ જેવા દર્દો ઊભરો લેછે, આપણા ખોરાક અને ગ્રહોને પણ ખાસ સંબંધ છે. આપણા શરીરમાં ધાતુઓ અને ગ્રહોને પણ સંબંધ છે. સૂર્યનો સંબંધ હાડકા, ચંદ્રનો લોહી, મંગળનો મજ્જા, બુધનો ચામડી, ગુરુનો મેદ, શુક્રનો વિર્ય, શની, રાહુ, કેતુ સ્નાયુ સાથે સંબંધીત છે. વિધિ વિધાન કરી નંગો ધારણ કરવાની સાચી સલાહ છે. નંગો માટે લોકોમાં માન્યતા છે કે નસીબ બદલે છે એ વાત ખોટી છે. નંગોનું રોગોના ઉપચાર માટે મેડીકલ એસટ્રોલોજી માં વર્ણન છે અને તેના થી રોગો નાબુદ થાય છે. હરીત સહીંતામાં તો રોગ કયા નક્ષત્રમાં શરુ થયો છે એના આધારે કેટલા દિવસ રહે છે એની મુદતો પણ આપેલી છે. અત્યારે દુનિયા ભરના દેશોમાં રોગો અને ગ્રહસ્થિત વચ્ચે ના સંબંધને ઓળખવા માટે સંશોધનો થઈ રહ્યા છે પરિણામે વૈદ્યકિય જ્યોતિષ નામે જ્યોતિષની એક આખી શાખા વિકસી રહી છે.

જ્યોતિષશાસ્ત્ર દર્શાવે છે કે તમારા શરીરની પ્રકૃત્તિ કફ, પિત્ત અને વાયુમાથી કયા પ્રકારની છે, શરીરમાં જે પ્રકૃત્તિની પ્રધાનતા

હોય એ પ્રમાણેના રોગોની સંભાવના રહે છે. ધારો કે જાતકની પિત્ત પ્રકૃતિ છે અને તેને મંગળ ની મહા દશા ચાલતી હોય એવી વ્યક્તિ નાં શરીરમાં પિત્તની વૃધ્ધી થાય છે તેને પરિણામે પાચનતંત્ર, ગુદા, આંખોમાં બળતરા, મોઢામાં ચાંદી પડવી આદિ રોગો ઉત્પન થાય છે. એજ રીતે શનીની મહા દશામાં શરીરમાં વાયુની વૃધ્ધી થાય છે. જરાક ખાવાથી પણ પેટ ભારેખમ રહે છે. પેટમાં ગેસ ની તકલીફને કારણે છાતીમાં દુખાવો, સાંધા જકડાઈ જવા, ચશ્માના નંબરમાં વધઘટ થવી વગેરે જેવી તકલીફો થાય છે. ચંદ્રની મહા દશા ચાલતી હોય અને કુંડળીમાં અશુભ સ્થાનમાં કે સ્થિતીમાં હોય તો અતિ કફ થી થતા રોગો જેવા કે શર્દી, માથાનો દુખાવો, શ્વાસ રોગો ઈત્યાદી સંભવે છે આમ આ શાસ્ત્ર દ્વારા માનવી પોતાની પ્રકૃત્તિને જાણી એ મુજબનો આહાર વિહાર નિયંત્રીત કરી રોગોને આવતા અટકાવી શકે છે. ઉપરાંત જ્યોતિષ શાસ્ત્ર દ્વારા માનવી આરોગ્યની દ્રષ્ટી એ સમયને પારખીને સાવધાની વરતી શકે છે. વિશોંતરી મહાદશાના હિસાબે ઉપરવાળાએ એકસો વીસ વરસનું આયુષ્ય બક્ષ્યુછે, આપણે છીએકે ૬૦-૭૦ સાલમાં એક્સપાયરી ડેટ માં નાખી દઈએ છીએ ખેલ ખતમ. ઘણીવાર તબીબ રોગ વધુ ગંભીર હોવાની ધારણા વ્યક્ત કરે ત્યારે દર્દી તથા ઘરના કુટુંબી જનો ગભરાઈ જાય છે. આવા સમયે આ શાસ્ત્ર મદદ રુપ થાય છે. જો મહાદશા અંતર્દશા ગંભીર રોગ સૂચક ન હોય તો ગભરાવવાની જરુર નથી. મે પુરો એક શનીનો રાઉન્ડ દવાનો ધંધો કર્યો છે. મે એવા ઘણા કિસા જોયા છે જેમા ડૉક્ટરો એ દર્દીને ઓપરેશન એક માત્ર ઈલાજ હોવાનું જણાવ્યું હોય તોય સામાન્ય સારવારથી તેઓ સાજા થઈ ગયા હોય. શસ્ત્ર ક્રિયા જેવા મહત્વના બનાવનું પ્રતિબિંબ જાતકની જન્મ કુંડળીમાં અવશ્ય પડતુ હોય છે. ગહન અભ્યાસુ જ્યોતિષી જરુર કહી શકે કે અત્યારે શસ્ત્ર ક્રિયા નો યોગ થાય છે કે નહી. માત્ર શસ્ત્ર ક્રિયા થી સારુ થઈ જતુ હોય છે. બીજુ બારે રાશિઓના દેહની અમુક ખાસિયતો હોય છે તે જાણી લેવાય તો મોટી ઉપાધીથી બચી શકાય. જેમ કે અગ્નિ તત્વની રાશી મેષ, સિંહ, ધન પિત્તાધિક્ય હોય છે. કુંડળીમાં તુલા રાશી પ્રથમ સ્થાને હોય એવી વ્યક્તિઓએ એની કરોડરજ્જુ નો છેલો મણકો પ્રાકૃતિક રીતેજ નબળો હોય છે એટલે તેમણે ભારે વજન ઊચકવું જોઈએ નહીં કે વજનદાર ચીજને ખસેડવાનો પ્રયત્ન કરવો નહી. માનવ દેહને બારરાશીમાં વહેંચી દેવામાં આવ્યો છે. દેહના ચોક્કસ અંગ પર અમુક રાશી અને ગ્રહોનું આધીપત્ય હોય છે અંગ સુચક રાશી પાપ ગ્રહોથી (સૂર્ય, મંગળ, શનિ, રાહુ, કેતુ) દુષિત થાય એટલે તેમાં રોગ પેદા થાય છે. મંગળ, શનિ, રાહુ એમ ત્રણેયની અસર હોય એવી રાશિ સૂચક અંગમાં કેન્સર થવાની સંભાવના રહે છે.

આજે અત્યાધુનિક તબીબી ઉપકરણોની મદદથી રોગનાં નિદાન ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. આમ છતા ઘણીવાર એવું બને છે કે ઘણી તપાસ પછી પણ ખબર પડતી નથી કે દર્દીને ચોકસ રોગ કયો છે જો કારણ જ ન જડે તો સારવાર શી રીતે થાય? જ્યારે રોગ ના લક્ષણો કરવામાં રાહુની અસર હોય ત્યારે ખાસ આવું બને છે.

આવા સમયે જ્યોતિષ શાસ્ત્ર ઉપયોગી થાય છે. શસ્ત્ર ઉપયોગ થતું નથી. આ શાસ્ત્રમાં કેવા ગ્રહ યોગો માં કયો રોગ થાય છે એ દર્શાવેલુ છે, જયારે રોગનુ નિદાન કરવામાં મુશ્કેલી નડતી હોય ત્યારે જ્યોતિષ દ્વારા રોગનું નિદાન થઇ શકે એમ કહું તો આજના વિજ્ઞાન યુગમાં અતીશયોકિત કહેવાશે પરંતુ રોગ નિદાનમાં આ શાસ્ત્ર દિશા અવશ્ય સૂચવે છે.

રોગનું કારણ માનસિક પણ હોઈ શકે જ્યાં મનોચિકિત્સકો નિષ્ફળ ગયા હોય એવા કેટલાંક કિસ્સામાં જ્યોતિષ શાસ્ત્ર સૂચિત ઉપાયો અધિક પરીણામદાયી જણાયાછે. કેમ કે જ્યોતિષી બતાવી શકે છે કે આગલા જન્મમાં શું હતા અને કેવા પાપ કમો કર્યા છે અને તેના તોડ પણ છે. એક ઉદાહરણ ૨૦ વર્ષ નો યુવાન વિચિત્ર વર્તન કરતો હતો મારા આવાજવાના રસ્તામાં જ તેનુ મકાન આવતુ. તે ગેલેરીમા બેઠો રહેતો અને હરકત કર્યા કરતો. તેની સારવાર માટે મનોચિકિત્સકે સુચવેલી દવાઓ પણ ચાલુ હતી એનાથી એક હદ સુધી સુધારો થયો પણ પાછી એજ તકલીફ દવાઓ ચાલુ હોવા છતાં શરુ થઈ. વળી યુવાનની મોટી બહેન પોતે ડૉક્ટર છે તેણે કહ્યુ કે સાયકોલોજીસ્ટ બીજું કંઈ નહીં કરે પણ દવાનો ડોઝ વધારી દેશે ડોઝ વધારવાથી શરીરને જે નુકશાન થશે એ માટે ફરી બીજી દવાઓનુ વિષચક્ર ચાલશે. વાત સાચી હતી. પેલા યુવાનની કુંડળીના યોગો તપાસ્યા અને વાણી-વર્તનની પેટર્નનો અભ્યાસ કર્યો એ યોગોના ઉપાય બાબત શાસ્ત્રમાં એવું સુચન હતુકે '' જયારે જાતક પોતે ઠોકર ખાસે ત્યારે સારો થશે'' આ સાંભળીને એની બહેનની આંખમા આંસુ આવીગયા આ યુવાનમાટે ગાયત્રી મંત્ર જપનો સહારો લેવાયો અને સૌના આશ્ચર્ય વચ્ચે તે સંપૂર્ણ સાજો થઈ ગયો.

આ સિવાય મૃત્યુ તુલ્ય બિમારી માથી સાજા થવાં મહામૃત્યુંજય મંત્રનો જપ શ્રેષ્ઠ છે, એવું માર્ગદર્શન પણ જ્યોતિષ શાસ્ત્રમાં અપાયું છે. આપણે એવી સંસ્કૃતિ ધરાવીએ છીએકે જેમાં મૃત્યુ પર વિજય મેળવવાનો પ્રયત્ન પણ થયેલો છે. જે જાતકોની કુંડળામાં ટૂંકા આયુષ્યનો યોગ હોય તોતે દોષ નિવારણ માટે એ જાતકને સંજીવની મંત્રની દિક્ષા આપવામાં આવતી જેથીતે દીર્ઘાયુ ભોગવે.

જ્યોતિષ કંઈ તબીબ નથી એટલે એ દર્દીની સારવાર કરી શકે નહીં. એજરીતે જ્યોતિષી કોઈ રોગ મટાડવાનો દાવો કરી શકે નહી અને કરે તો તે ભ્રમણાનો શિકાર થયેલો માનવો એવું જો થઈ શકે તો પછી ડૉક્ટરોની જરુર પડે નહી, સામાન્ય રીતે જ્યારે રોગ મટે નહીં ત્યારે અને જ્યારે ડૉક્ટરો હાથ ખંખેરી નાખે ત્યારે લોકો જ્યાતિષી તરફ મીટ માંડેછે, આવાં સમયે જ્યાતિષી શું

કરેછે ? જ્યાતિષી આયુર્વેદ ગ્રંથોમાં જેનો ઉલ્લેખ છે એ દેવવ્યપ્રાશ્રય ચિકિત્સા પ્રમાણે ઉપાયો સુચવેછે. દેવવ્યપ્રાશ્રય ચિકિત્સામાં મુખ્યત્વે મંત્ર, રત્ન, ઔષધિ, દાન, ઉપવાસ, પ્રાયશ્ચિત આદિનો સમાવેશ થાય છે. ચરક સંહિતામા કહ્યુંછે કે વિષ્ણુસહસ્ત્ર નામનાં જાપ થી મહાજવર નો તાવ ઉતરી જાય છે. ભૃગુસંહિતામાં રોગો માટે મુખ્યત્વે જપ અને દાન પર ભાર મુકવામાં આવ્યોછે, કમાલ છે એ ભૃગુસંહિતાની કુંડળી પરથી Past life regression મળી આવે છે. પાંડુ રોગમાં ગાય, પ્રમેહ-શૂળ-શ્વાસ-ભગંદરમાં સુવર્ણ કે જમીનનુ દાન, કોઢ રોગમાં અન્નદાન, વોમીટીંગ માટે કાચા ધાન્યનું દાન, નેત્રરોગ માં ઘી, નાક રોગ માં સુગંધી પદાર્થોનુ દાન કરવું એવી સલાહ અપાઈ છે. દેવવ્યપ્રાશ્રય ચકિત્સામાં સર્વેને નમસ્કાર કરવા, શુભવચનો બોલવા અને તિર્થયાત્રા ને ઔષધ રુપે, આંબેલ, વર્ષીતપ, ઉપધાનતપ ને ઔષધરુપે સૂચવવા એવી સલાહ અપાઈ છે. રોગની સારવારમાં રત્ન ધારણ એ આજના ભાગદૌડની દુનીયામાં આશિર્વાદ રુપે સાબિત થયા છે. રત્ન ની પસંદગી કરવાનું કામ જટીલ છે. લગ્ન, લગ્નેશ, ભાવ, ભાવેશ, મહાદશા, અંતરદશા, મારક, નબળા, અશુભ,દ્રષ્ટી યોગો, નવ પંચમ, ષડાષ્ટક, કેદ્ર યોગ (દ્રષ્ટીયોગો એટલે ભાવ અને ગ્રહવચ્ચેનું અંતર, અશુભગ્રહ એટલે, ૬,૮,૧૨ માં જો મૂળ ત્રિકોણ રાશી હોય તો તેનો માલિક, નબળા ગ્રહ એટલે કેંદ્ર ત્રિકોણ ના માલિક ૬,૮,૧૨ મેં બેઠા હોય તે, સંબંધીત થાય એટલે ભાવ, દ્રષ્ટિ,કારક, ભાવેશ, કેંદ્ર અને ત્રિકોણ)

આપણા પ્રખર જ્યોતિષાચાર્યો કહી ગયા છે કે મોટા રોગો પાપ થી ઉત્પન્ન થાય છે, જો પ્રાયશ્ચિત કર્યા છતા દેહ માથી રોગ મટે નહી તો પણ પ્રાયશ્ચિત કરવું જોઈએ. જેથી આવતા જન્મમા રોગ શરીરની કનડગત ના કરે. મનુષ્યનો સ્વભાવ છે કે તે વર્તમાનમાં જીવતો નથી, ભુતકાળને ભુલી શકતો નથી અને ભવિષ્યની કલ્પનાઓ તેને બીમાર રાખતી હોય છે. ઉપાયો પ્રારબ્ધ પ્રમાણે ચોકસફળ આપે છે. એક સાદુ ઉદાહરણ લઈએ જાતકની કુંડળીમાં શનિ-રાહુ એકજ રાશી માં હોય એવી કુંડળીના જાતકને ઘણા પરિતાપ સહેવા પડેછે,આનુ પ્રાયશ્ચિત ન કરે તો તેના સંતાનો પર ઉતરેલો જોઈ શકાય છે. પરંતુ પ્રાયશ્ચિત બાદ થયેલા સંતાનની કુંડળીમા એ હોતો નથી શાસ્ત્ર ના વચન સત્ય છે.

જ્યોતિષશાસ્ત્ર માનવીના જીવનમાં દીવાદાંડીની ભૂમિકા ભજવી શકે, દુઃખકે પીડારૂપી અંધકારમાં ઉજાસ બની માર્ગદર્શક બની શકે એટલું પુરતું નથી પરંતુ બની રહ્યો છે.

લગ્નબિંદુપર જ્યારે ગોચર મંગળ પસાર થાય ત્યારે ઓપરેશનની શક્યતા ઉભી થાય છે, પુનમના દીવસે ઓપરેશન ના કરાવવુ બ્લીડીંગ વધુ થાય છે, ન છુટકે કરાવવુ પડે તો તે ફેકટર ના લોહીની વ્યવસ્થા તે હોસ્પીટલમાં છે કે નહી તે ડૉકટર મારફત જાણી લેવુ. ૨૯ રાજ્યો અને ૭ કેંદ્ર શાસિત રાજ્યો માથી માત્ર મહારાષ્ટ્ર માં કાયદો છે કે જે હોસ્પીટલમાં ઓપરેશન થાય તે હોસ્પીટલે લોહીની વ્યવસ્થા રાખવી બીજા રાજ્યોમાં આવી વ્યવસ્થાનો કાયદો નથી. ઓપરેશન વખતે ગોચર કેતુનુ ભ્રમણ લગ્નમાં હોવુ જોઈએ નહી.


............................................................ અસ્તુ................................................

- હરીલાલ માલદે


## કેપી. દ્વારા જોડીયા બાળકોનું ફળકથન

જ્યોતિષમાં ફળકથન કરવામાટે સાયન, નિરયન અને K. P. ખૂબજ પ્રચલિત છે, દરેક પ્રધ્ધતિના સિધાંતો, ગણિત અને ફળકથન ની રીત જુદી જુદી છે, પરંતુ તેનો મુખ્ય આધાર સ્થંભ ગ્રહોની અવકાશીય સ્થિતિ છે. માનવીના જીવન પર આચાર, વિચાર, જ્ઞાન, વ્યવહાર, શુભાશુભ પ્રસંગોમાં ગ્રહો મહત્વનો ભાગ ભજવતા હોય છે. જન્મ સમયની અવકાશીય ગ્રહ સ્થિતિ જાતકના સંપુર્ણ જીવનપર પ્રભાવ પાડતી હોય છે, આથીજ જન્મ સમયની કુંડળીદ્વારા જાતકના આખા જીવનનો ચિતાર જ્યોતિષની વિવિધ પ્રધ્ધતિઓ દ્વારા જાણી શકાય છે. જોડીયા બાળકોના જન્મ સમયમા મૌટે ભાગે ૫–૧૦ મિનીટનો તફાવત જોવા મળે છે અને આ સમય દરમ્યાન ગ્રહોની સ્થિતીમા ભાગ્યેજ પરિવર્તન જોવા મળે છે આમ બંન્ને બાળકોની લગ્નકુંડળી, ષડવર્ગીયકુંડળીઓ લગભગ સરખી જોવા મળે છે. સાયન અને નિરયન મુજબ આ કુંડળીઓનુ ફળાદેશ કરવામા આવે તો બંન્ને બાળકોનુ ફળ એકસરખુ દેખાતુ હોય, આ ઉપરાંત બંન્ને બાળકોની દશા તેમજ ગોચર પણ એકસરખા હોવાથી તેની અસરોમાં પણ તફાવત જોવાતો નથી એથી ફળકથનમાં મુંઝવણ પેદા થાય છે, પરંતુ હકીકત કાંઈ જુદીજ હોય છે. બંન્ને બાળકોના જન્મ સમયમા ખાસ તફાવત ન હોવા છતા તેમના જીવનપ્રસંગોમા વિવિધતા જોવા મળે છે, એક શાંત તો બીજો તોફાની, એક શસ્કત તો બીજો નિર્બળ, એક સંતોષી તો બીજો અસંતોષી, એક ધાર્મિક તો બીજો નાસ્તિક, એક હોશિયાર તો બિજો ઠોઠ, એકના વિવાહ ઉચ્ચકોટી, પૈસે ટકે સુખી તો બીજાના વિવાહ ગરીબ ઘરમા અથવા આજીવન કુંવારો, એકનુ આયુષ્ય લાંબુ તો બીજાનું સાવ ટૂંકુ. અમુક વાર તો જન્મ સમયે એકજીવે તો બીજો મૃત્યુ પામે, જો કુંડળીઓ સરખી તો આ તફાવત શા માટે ? અહી જોડીયા બાળકોની કુંડળી K. P. પ્રધતીનો ઉપયોગ કરવાથી બંન્ને બાળકોના ફળકથનમા જુદાઈ તરી આવે છે. આનુ મુખ્ય કારણ ભાવ કસ્પ ના આધારે રાશિસ્વામી, નક્ષત્રસ્વામી અને ઉપસ્વામી નક્કી કરવામાં આવે છે અને દરેક ભાવનુ ફળ તેના નક્ષત્રસ્વામી સુચિત ફળ મળે છે જ્યારે ઉપસ્વામી ભાવનુ ફળ મળશે કે નહી તે નક્કી કરે છે. આ ઉપરાંત ભાવનુ ફળ વિચારણીય બાબત કે પ્રશ્નના મુખ્ય ભાવ તેમજ પુરક ભાવ ઉપર આધારીત હોય છે. દા. ત. સંતાન સુખ માટે પાંચમો ભાવ, બીજો ભાવ કુટુંબ અને અગ્યારમો ભાવ લાભ એ પુરક ભાવો તરીકે જોવાય છે, જ્યારે ૪–૧–૧૦ ભાવો નકારાત્મક ભાવો તરીકે જોવાય છે. જો ૫ મા ભાવનો ઉપપતિ ૫–૨–૧૧ નો નિર્દેશક બને તો જાતક સંતાનસુખ સારુ ભોગવે છે જો નકારાત્મક ભાવોનો એટલે કે ૫ નો ઉપપતી ૪–૧–૧૦ નો નિર્દેશક બને તો સંતાનસુખ મળતુ નથી અહીં જોડીઆ બાળકોની કુંડળીની ચર્ચા કરી છે. નામ એકનુ પ્રકાશ અને બિજાનું પારસ, જન્મતારીખ ૪/૧૦/૧૯૭૫ જગ્યા વડોદરા, ટાઈમ સવારે ૮ વાગ્યાને ૨૬ મિનીટ પ્રકાશનુ અને ૮ વાગ્યાને ૩૦ મિનીટ પારસનુ.


પ્રકાશની કે. પી. કસ્પ કુંડળી




પારસની કે. પી. કસ્પ કુંડળી




નિરયન સ્પષ્ટ લગ્નકુંડળી




**લગ્નભમાવઃ–**

પ્રકાશની કુંડળીમાં લગ્નનો ઉપપતિ શનિ જે ૪–૫–૯ નો નિર્દેષક બને છે શારીરિક સુખ સારુ. બધા શુભ ભાવોનો નિર્દેષક જાતકનુ વલણ ભુત ભવિષ્યનો વિચાર કરી ગણત્રીકરી શાંતિપૂર્ણ જીવન પસાર કરવાનો, સંતાનસુખ, રમતગમત, કલાપ્રેમી, આધ્યાત્મિક્તામા રસ. ઉપ. શનિ જાતક જલ્દીથી નિરાશામા ધકેલાઈ જાય, આળસ, ભુત ભવિષ્ય વચે ઝોલાખાતો જાતક.

પારસની કુંડળીમાં લગ્નનો ઉપ. બુધ જે ૧૨–૯–૨–૭–૮ નો નિર્દેષક બને છે, શારિરિક સુખની દ્રષ્ટીએ

શબ્દો કરતાં કાર્ય વધુ મોટેથી બોલે છે.

| ગ્રહ | રાશ્યાદી | રાશિપતિ | નક્ષત્રપતિ | ઉપપતિ |
|---|---|---|---|---|
| સૂર્ય | ૦૫–૧૬–૫૦ | બુધ | ચંદ્ર | શનિ |
| ચંદ્ર | ૦૫–૦૨–૨૦ | બુધ | સૂર્ય | ગુરુ |
| બુધ (વ) | ૦૫–૨૭–૫૪ | બુધ | મંગળ | શનિ |
| મંગળ | ૦૨–૦૨–૨૬ | બુધ | મંગળ | કેતુ |
| ગુરુ (વ) | ૧૧–૨૭–૩૦ | ગુરુ | બુધ | ગુરુ |
| શુક્ર | ૦૪–૦૬–૩૧ | સૂર્ય | કેતુ | રાહુ |
| શનિ | ૦૩–૦૭–૫૯ | ચંદ્ર | શનિ | કેતુ |
| રાહુ | ૦૬–૨૯–૦૪ | શુક્ર | ગુરુ | સૂર્ય |
| કેતુ | ૦૦–૨૯–૦૪ | મંગળ | સૂર્ય | મંગળ |

## પ્રકાશભાઈ

| ભાવ | રા. | ન. | ઉપ. | ઉપ.ના નિર્દિષ્ટ સ્થાનો |
|---|---|---|---|---|
| ૧ | શુ | રા | શ | ૪–૫–૯ |
| ૨ | મં | શ | ચં | ૧૦–૧૧–૧૨ |
| ૩ | ગુ | કે | બુ | ૧૨–૯–૨–૭–૮ |
| ૪ | શ | ચં | રા | ૧–૬–૩ |
| ૫ | શ | રા | શુ | ૧–૭–૮–૧૦ |
| ૬ | ગુ | શ | ગુ | ૬–૩–૧૨–૯ |
| ૭ | મં | કે | બુ | ૧૨–૯–૨–૭–૮ |
| ૮ | શુ | ચં | મં | ૨–૭–૮ |
| ૯ | બુ | રા | શ | ૪–૫–૯ |
| ૧૦ | ચં | શ | રા | ૧–૬–૩ |
| ૧૧ | સૂ | શુ | શુ | ૧–૭–૮–૧૦ |
| ૧૨ | બુ | ચં | ગુ | ૬–૩–૧૨–૯ |

## પારસભાઈ

| ભાવ | રા. | ન. | ઉપ. | ઉપ.ના નિર્દિષ્ટ સ્થાનો |
|---|---|---|---|---|
| ૧ | શુ | રા | બુ | ૧૨–૯–૨–૭–૮ |
| ૨ | મં | શ | મં | ૨–૭–૮ |
| ૩ | ગુ | કે | બુ | ૧૨–૯–૨–૭–૮ |
| ૪ | શ | ચં | ગુ | ૬–૩–૧૨–૯ |
| ૫ | શ | રા | શુ | ૧–૭–૮–૧૦ |
| ૬ | ગુ | શ | ગુ | ૬–૩–૧૨–૯ |
| ૭ | મં | શુ | શુ | ૧–૭–૮–૧૦ |
| ૮ | શુ | ચં | રા | ૧–૬–૩ |
| ૯ | બુ | રા | બુ | ૧૨–૯–૨–૭–૮ |
| ૧૦ | ચં | શ | રા | ૧–૬–૩ |
| ૧૧ | સૂ | શુ | ચં | ૧૦–૧૧–૧૨ |
| ૧૨ | બુ | ચં | શ | ૪–૫–૯ |

મધ્યમફળ જાતક બુદ્ધીશાળી, વ્યવહારુ, ધાર્મિક, ધનલાલસા, લગ્નજીવન, ભાગીદારી, જાહેર જીવન જીવવા તરફ વળણ. ધંધો તેમજ જોખમી કાર્યોમા રસ પરંતુ ધારી સફળતા ન મળે, વિદેશ જવાની પણ ઈચ્છા, શારિરિક દ્રષ્ટીએ લગ્નનો ઉપ. બુધ મારક સ્થાનો સાથે સંબધિત થાય છે તેમજ પોતાના ભાવ થી ૧૨મા ભાવ સાથે સંબંધિત થાય છે આ જાતક પોતાનુ જીવન અજાણી વ્યક્તિ, કુટુંબ, ભાગીદાર, ધર્મગુરુના કહ્યામુજબ જીવતો હોય. અહી ૧ લાનો ઉપ. બુધ ૩ જા અને ૯ માં નો પણ ઉપ. બને છે જે બતાવે છે કે જાતકમા એકાગ્રતા, બુદ્ધી અને રમતગમતનો સમન્વય છે અને તેના કાર્યોમા છાપ ઉભરી આવે.

પ્રકાશની કુંડળીમાં ૨જા નો ઉપ. ચંદ્ર જે ૧૦–૧૧–૧૨ સાથે સંબધિત થતા જાતક કર્મ દ્વારા આર્થિક લાભ લઈ લાંબાગાળાના રોકાણદ્વારા ધનલાભ મેળવે. ચંદ્ર ૧૧ મે પ્રબળ નિર્દેષ્ક બને છે જાતકને ધનલાભ સારો આપે. આ જાતક ખાનગી શોરૂમ મા નોકરી કરે છે.

પારસની કુંડળીમાં ૨જા નો ઉપ. મંગળ જે ૨–૭–૮ સાથે સંબધિત થતા જાતકને ટુકડે ટુકડે ધન મળે, ભાગીદાની, પોતાના માતા–પિતા તેમજ કુટુંબથી ધનલાભ, ભાગીદારીથી આવક પણ પોતાનો હક ભાગીદારની મરજી મુજબ મળે ૧૦ મા નો ઉપ. રાહુ ૧–૬–૩ નો નિર્દેશ કરે છે જે બતાવે છે કે જાતક નોકરી અને દલાલી કાર્યમાં ભાગ લેતો હોય. આ જાતક શેરબજારના ટર્મિનલ્સ પર કામ કરે છે અને ફ્રેન્ચાઈઝીમા વર્કિંગ પાર્ટનર તરફી ભાગીદારી રકમ પણ મેળવે છે. નોકરી + ભાગીદારી. પ્રકાશના કુટુંબ સાથે સારા સંબંધો પરંતુ પારસની મોફાટવાણીને કારણે સંબંધ સારાનરસા રહે.

૩જા ભાવનું સુખ બંન્ને લગભગ સરખુ ભોગવે બંન્નેનો ૩જા નો ઉપ. બુધ છે અને લગ્નના ઉપ. સાથે સારા સંબંધ છે ભાઈ ભાંડરડા, પાડોશ સુખ સારૂ.

પ્રકાશની કુંડળીમાં ૪થા નો ઉપ. રાહુ જે ૧–૬–૩ સાથે સંબંધીત થાય છે જે બતાવે છે કે જાતકને શિક્ષણમા તકલીફ, ટેકનિકલ, સાયન્સ લાઈન લે, ૧ અને ૪ નો સંબંધ થતા માતા સાથે સારા સંબંધ, ૧લા નો ઉપ. ૪–૫–૯ સાથે સંબંધીત તેથી જાતક શિક્ષા પૂર્ણ કરવા પ્રયત્ન કરે અને ડીગ્રી મેળવે.

પારસની કુંડળીમાં ૪થા નો ઉપ. ગુરુ જે અપોકીલમ ભાવોનો નિર્દેષક બને છે, જાતકને શિક્ષણમાં

તકલીફ પરંતુ ડીગ્રી મેળવે. કોર્મસ લાઈન લઈ જાતકે જેમતેમ કરી બી.કોમ. કર્યુ. અહી ગુરુ ૩–૬–૯–૧૨ સાથે સંબંધીત થતા ગુરુની મહાદશા દરમ્યાન જાતક વિદેશની ધરતી તરફ પ્રયાણ માંડે, માતા સાથેના સંબંધમા ખટપટ.

બંન્નેની કુંડળીમાં ૫ નો ઉપ. શુક્ર જે મોજીલા, ફિલ્મ સંગીત, હરવાફરવા, રમતગમત ના શોખીન, શેરસટ્ટામા રસ. પરંતુ આર્થિક સ્થિતી ને કારણે વધુ જોખમ ન લે.

૬ ઠા નો ઉપ. ગુરુ જે ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, ચરબી, થાઈરોઈડ ના રોગની શક્યતા. આના કારણે હોસ્પીટલની હવા પણ ખાવી પડે પરંતુ ગંભીર બિમારીની શક્યતા ઓછી.

પ્રકાશની કુંડળીમાં ૭ નો ઉપ. બુધ જે ૧૨–૯–૨–૭–૮ નો નિર્દેશક બનતા લગ્નજીવનનુ સુખ સારુ બતાવે છે, બુધ ભાગ્યેશ અને ભોગેશ પણ છે. ૨જા કુટુંબ અને ૭મા લગ્નજીવનનો નિર્દેશક સુખ આપે છે, જાતકના લગ્ન ૨ વર્ષ પહેલા થઇ ગયા છે, પરંતુ હજી સુધી સંતાન સુખ પુર્ણ થયુ નથી. ૫ નો ઉપ. શુક્ર જેનો નક્ષત્રપતિ કેતુ છે જેને કારણે તડપ બતાવે છે પરંતુ ૫ નો ઉપ. ૧ લા ને ૫ નો ઉપ. ૧ લા સાથે સંબંધીત થતા સંતાનસુખ છે પરંતુ તેમા વિલંબ સંભવે છે.

પારસની કુંડળીમાં ૭ નો ઉપ. શુક્ર જે ૧–૮–૧૦–૭ નો નિર્દેશક છે. અહીં શુક્ર લગ્નજીવનનો કારક અને તેનો નક્ષત્રપતિ કેતુ ખુદ સપ્તમ ભાવમા સ્થિત હોવાથી સુખની તડપ જાતકને હોય. હજી સુધી પારસના લગ્ન થયા નથી જે લગ્નસુખ નહી વત હોવાની ચાડી ખાય છે.

પ્રકાશની કુંડળીમાં ૮ નો ઉપ. મંગળ જે ૨–૭–૮ સાથે સંબંધીત થતા કુટુંબ, પત્ની, હરીફ, ધન ને કારણે તકલીફો ભોગવે જ્યારે પારસની કુંડળીમાં ૮ નો ઉપ. રાહુ ૧–૬–૩ નો નિર્દેશક હોવાથી જીવનના કષ્ટો સ્વપ્રેરીત હોય.

પારસની કુંડળીમાં ૯ નો ઉપ. બુધ હોવાથી જાતક બુદ્ધિ અને તર્કવિતર્કથી ધર્મભાવ ધરાવે કે ધર્મ કાર્ય કરે જ્યારે પ્રકાશની કુંડળીમાં શનિ ઉપ. બનતા જાતક ધર્મપ્રત્યે થોડી નિરાશા છતા આધ્યાત્મિકના માર્ગે ચાલે.

૧૦ મા નો ઉપ. રાહુ બંન્નેને નોકરી કરાવે પરંતુ ૧લા નો ઉપ. જુદા હોવાથી બંન્ને અલગ કાર્યમા નોકરી મેળવે. પ્રકાશની કુંડળીમાં શનિ ૧ લા નો ઉપ. જે દાસવૃતિ કરાવે અને શિક્ષણની લાઈનની નોકરી – વાહનના શોરૂમમાં નોકરી, પારસની કુંડળીમાં બુધ ૧ લા નો ઉપ. જે બુદ્ધિદ્વારા દલાલીનુ કાર્ય દર્શાવે, શેરબજારનુ ટર્મિનલ ઓપરેટ કરવું અને ગ્રાહકો સાથે વાતચિત થી સારાસંબંધ, ઓફીસ કાર્ય, બેંક કાર્ય આ બુધને આધારીત છે.

પ્રકાશની કુંડળીમાં ૧૧ નો ઉપ. શુક્ર જે જાત મહેનત, હરીફાઈ, નિષ્ફળતા તેમજ સફળતાની તડપ, અસંતોષ દર્શાવે છે. આ જાતકને પોતાની મહેનત દ્વારા કમાયેલ ધન કે લાભ થી સંતોષ થાય નહીં. જે સફળતા મળવા છતા નિષ્ફળતાનો અહેસાસ અનુભવતો હોય.

પારસની કુંડળીમાં ચંદ્ર જે ૧૧ નો ઉપ. હોવાથી જાતકને દરેક કાર્યમા સફળતાનો સ્વાદ ચાખવા મળે અને ચંદ્ર ૧૦–૧૨ નો નિર્દેશક બનતા થોડી તકલીફ બાદ સફળતા મળે. આ ચંદ્રનો નક્ષત્રપતિ સૂર્ય છે,જે પોતે લાભેશ છે આથી જે મળે એમા રાજાશાહી સુખ ભોગવે અને તેનાથી સંતોષ મેળવે.

પ્રકાશની કુંડળીમાં ૧૨ નો ઉપ. ગુરુ જે ૬ઠ્ઠા નો ઉપ. બનેછે. આથી ગુરુની દશા દરમ્યાન જાતકને દવાખાનાની વિઝીટ લેવી પડે. પારસની કુંડળીમાં ૧૨ નો ઉપ. શનિ જે બંધન યોગ જેવી સ્થિતી આપે.

આમ જોડીયા બાળકોનું ફળકથન કે.પી. દ્વારા વધુ સચોટતાથી કરી શકાય છે અહીં માત્ર ઉપ. ને ધ્યાનમા રાખી ફળકથન કરવામા આવ્યું છે.

॥ હરિ ૐ ॥

– શ્રી હિરેન ભાવસાર

# જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર

જ્યોતિષ એટલે કે જ્યોત+ઈષ, ઈશ્વરની જ્યોત. વાસ્તુ એટલે કે વસ્+અસ્તુ. એટલે કે રહેવું વસવાટ કરવો. જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર ભારત દેશના અત્યંત પ્રાચીનશાસ્ત્ર છે. જે વેદો–પુરાણોથી ચાલતું આવ્યું છે. જેના અનેક ઉદાહરણો આપણને જોવા મળે છે. જેમ કે પાંડવોનુ હસ્તિનાપુર, રાવણની લંકા વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ અને જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ ભગવાન શ્રી રામને ચૌદ વરસનો વનવાસ, રાજા હરિશચંદ્રને પોતાનાં રાજપાટ, પોતાની પત્ની તથા પુત્રથી વિયોગ.

જ્યોતિષશાસ્ત્રમાં મનુષ્યો પોતાના જન્મના ગ્રહો અને કર્મ અનુસાર ફળ મેળવવા માટે બાધિત બને છે. અને પોતાના જીવનમાં આવનારાસારા ખરાબ પ્રસંગોની જાણ પોતાની જન્મકુંડળીના ગ્રહોની દશા અનુસાર કયો ગ્રહ કઈ રીતે બળ પામે તે પ્રમાણેના શુભાશુભ પરિણામ ભોગવવા પડે છે. અને જો કોઈ એક ગ્રહની દશા પ્રમાણે જો અશુભ પરિણામના ફળો ભોગવવાના હોય તો તેમાં રાહત માટે મનુષ્ય હવન, મંત્ર, જપ, તપ, દાન આદિ દ્વારા શુભાશુભ ફળ ભોગવે છે. પરંતુ પોતાની દશા બદલી શકતો નથી.

જ્યારે વાસ્તુશાસ્ત્રમાં મનુષ્ય દિશા અનુસાર પોતાનું ઘર, મકાન વાસ્તુના નિયમો પ્રમાણે નિર્માણ કરે તો સુખ–સમૃદ્ધિ, પ્રગતી, શાંતિ આરોગ્યની પ્રાપ્તિ કરી શકે છે.

જ્યારે કોઈ એક વ્યક્તિની દશા ખરાબ ચાલતી હોય અને તેનું મકાન પણ વાસ્તુના નિયમો પ્રમાણે ન હોય તો તે વ્યક્તિની દશા અને દિશા બંને દુષિત થાય છે. અને તે વ્યક્તિને તે ખરાબ સમય કાઢવો ઘણો જ મુશકેલ બનશે. પરંતુ જો તેજ વ્યક્તિનુ મકાન વાસ્તુના નિયમો આધારિત હશે તો તેજ વ્યક્તિને તેના મકાન દ્વારા પોતાની ગ્રહદશા દ્વારા ભોગવતા ખરાબ ફળમાં પણ સુધારો મેળવી શકે છે. માટે જ અહી લખવાનું મન થાય કે 'દિશા બદલો દશા બદલી શકવાના નથી.'

દા.ત. કોઈ એક વ્યક્તિને પોતાની જન્મકુંડળી પ્રમાણે શુભ ગ્રહ ગુરૂની મહાદશા ચાલે છે. તોતે વ્યક્તિને તે ગ્રહની સ્થિતિ અનુસાર શુભ ફળ જેમ કે ધન, સંપત્તિ, સંતતિ, જ્ઞાન માં વૃદ્ધિ થાય. પરંતુ તેજ વ્યક્તિનાં મકાનમાં ઈશાન ખૂણોં કપાકતો હોય અથવા દોષયુક્ત હોય તો તે વ્યક્તિને ધન સંપત્તિ મેળવવામાં મુશકેલી ઓ આવે. સંતાન પ્રાપ્તિમાં તકલીફ આવે અને જો સંતાન હોય તો તે સંતાનો પોતાના વડીલોના કહયામાં ન હોય, સંસ્કાર વિહોણાં હોય પણ જો આજ વ્યક્તિનું મકાન વાસ્તુના નિયમોને આધારિત હોય અને ઈશાન ખુણો દોષમુક્ત હોય. તો તે વ્યક્તિને ધન સંપત્તિમાં વૃદ્ધિ, સંતાનીમાં, જ્ઞાનવૃદ્ધિ, સુખ–સમૃદ્ધિ અને પ્રગતિ થતા કોઈપણ ન રોકી શકે. સોનામાં સુગંધ ભળયાં જેવું કહેવાય.

મનુષ્યના જીવનમાં ગ્રહોનું મહત્વ સર્વોપરી છે. મનુષ્યનું જીવન ગ્રહોને આધીન છે. દશાઅનુસાર ગ્રહોનું શુભાશુભ ફળ જયોતિશાસ્ત્ર દ્વારા જાણવા મળે છે. જ્યારે દિશાઅનુસાર ગ્રહોનું શુભાશુભ ફળ વાસ્તુશાસ્ત્ર દ્વારા જાણવા મળે છે. જ્યોતિશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર એકબીજાના પૂરક છે.

આપણો દેહ પંચમહાભુતોનો બનેલો છે. અગ્નિ, ભુમિ, વાયુ, જળ અને આકાશ, આ પંચમહાભુતોના દેહને એટલે કે માનવ, જીવમાત્રને રહેવા માટેના નિવાસસ્થાનમાં આ પંચમહાભુતોનો યોગ્ય સમન્વય થયેલો હોય તો જ માનવ આરામ, સગવડ, આરોગ્ય, ભકિત, બુદ્ધિ, જ્ઞાન, અને ઐશ્વર્ય પ્રાપ્તિમાં અનુકુળતા અનુભવી  શકે છે. જે મનુષ્યના હાથમાં જ છે.

સંકલન : શ્રીમતી જયશ્રી ગદાણી

## સફળતા ની ચાવી

તમે વિચારશો કે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે જન્મરાશિ, જન્મલગ્ન, કુંડળી ભાવ પ્રમાણે તેમા રહેલા ગ્રહો અને તેની દ્રષ્ટી અને અસર પ્રમાણે વ્યક્તિનો સ્વભાવ નક્કી થઈ જાય છે અને જીવનમાં ''લખ્યા લેખ'' પ્રમાણે અસર મળે છે પણ ઈશ્વરે વર્તમાન જીવનમાં કર્મ વિશે તેમા ફેરફારની શક્યતા રાખેલછે. દશા, અંતરદશા, તારાચક્ર, સૂર્યાત અને ચંદ્રાત નક્ષત્રબિંદુ આ સર્વેમાં મુખ્ય બાબત ગોચરના ગ્રહો જીવનમાં અનેક તકો આપે છે જેમા તમે તમારા જીવનરથના સારથી બનો છો અને એજ ''કર્મફળ'' છે. દશમભાવ, કર્મ, જીવવાના કારોબાર, કામકાજ પુરતુ જાણીને જોવાતુ નથી જીવનના દરેક નાના મોટા કામોની સમીક્ષા, સફળતા, મુંઝવણો, શક્યતા ત્યાંથીજ ઉત્પન થાય છે. દશમભાવ, કર્મેજ આપણા જીવનનો ખરેખરો હિસાબ નામુ છે અને તેનુંજ સરવૈયું આપણે પુર્નજન્મમાં લઈ જઈયે છીયે. દરેક વ્યક્તિ સુખી ને સમૃદ્ધ જીવનની ઈચ્છા રાખે છે. પણ કેવી રીતે તેને શક્ય કરવું તેની ઘણા ને જાણ હોતી નથી. સારી બાબતો માટે અનેક અડચણો આવે છે પણ જો સામનો કરવાથી સફળતા મેળવે ત્યારે આનંદ પ્રાપ્ત થાય છે.


૧. જીવનશૈલી પ્રકૃતીને અનુસરીને જીવો
૨. અતિની ગતિ નથી
૩. સાદાઈ, શ્રદ્ધા રાખવી
૪. સ્વભાવમાં નરમાઈ
૫. વિચારધારા પોઝીટીવ

જ્ઞાન અને શક્તિ ની આવશ્યક્તા છે જે પણ વિચાર કરીએ છીએ તેને વિસ્તૃત રીતે સમજી લેવુ કે તેમા કોઈ ખોટું તો નથી અને ડાયરેક્શન અને વિચાર બરોબર હોય તો સફળતાની શક્યતા અનેક રીતે વધી જાય છે. આજ રીતે કર્મ મનુષ્યના હાથમાં છે માટે કર્મયોગી બનો.

મદનકુમાર વાસુદેવ ભાટિયા ( મલાડ સેંટર – તૃતીય વર્ષ. )



## પ્રશ્નજ્યોતિષ માં સ્વરજ્ઞાન




स्वरहीनश्च दैवज्ञो नाथहीन यथा गृहम् ।
शास्त्रहीन यथा ववत्रं शिरोहीन च यद्वपु ।।

શાસ્ત્રોમા કહેવાયું છે કે સ્વરજ્ઞાન વિનાનો જ્યોતિષી એટલે માલિક વગરનું મકાન, જીહ્વા વિના પ્રભુગાન કે મસ્તિષ્ક વગરનું ધડ. જ્ઞાનોમા સ્વરજ્ઞાન શિરોમણિ જ્ઞાન કહેવાયું છે, આ સ્વરજ્ઞાન દેવોના દેવ મહાદેવ દ્વારા માતા પાર્વતીને સ્વમુખે અપાયેલું જ્ઞાન છે, શ્વાસોની સંખ્યાનું ગણિત ૧ મિનીટના ૧૫, ૧ કલાકના ૯૦૦, ૨૪ કલાકના ૨૧,૬૦૦ શ્વાસો થયા.

૧ ઘટી ૨૪ મિનીટ, ૧ દિવસની ૬૦ ઘટી, ૬૦ ગુણ્યા ૩૦ દિવસ બરાબર ૧૮૦૦, ૧૮૦૦ ગુણ્યા ૧૨ મહિના બરાબર ૨૧,૬૦૦.

૧ લગ્ન ૧૨૦ મિનિટ, ૧૨૦ મિનિટ ભાગે ૯ બરાબર ૧૩.૩૩ બરોબર ૧ નવાંશ, ૩.૨૦ ગુણ્યા ૯ બરાબર ૧૩:૨૦ કળા, ૧૩:૨૦ ગુણ્યા ૨૭ બરાબર ૩૬૦ અંશનું ભચક્ર,

ચોવીસ કલાકમાં બાર રાશિઓની બાર સંક્રાંતિ એટલે બાર લગ્નો ઉદિત થાયછે, એકી રાશિ સૂર્યની બેકી રાશિ ચંદ્રની, પ્રશ્ન વખતે ચંદ્રસ્વર હોયતો બેકી લગ્ન, સૂર્યસ્વર ચાલતો હોયતો એકી લગ્ન અનુસાર અને તે સમયે જે તત્ત્વ ચાલતુ હોય તે અનુસાર પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવે છે. સૂર્ય સ્વર ચર લગ્ન, ચંદ્ર સ્વર સ્થિર લગ્ન, સુષુમ્ણા સ્વર દ્વિ સ્વભાવ નું લગ્ન ગણવું.

### સ્વરોદયશાસ્ત્રમાં રાશિના તત્વો

| અગ્નિ તત્ત્વ | પૃથ્વી તત્ત્વ | વાયુ તત્ત્વ | જળ તત્ત્વ |
|---|---|---|---|
| મેષ | વૃષભ | મિથુન | કર્ક |
| સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક |
| ધન | મકર | કુંભ | મીન |

### સ્વરોદયશાસ્ત્રમાં ગ્રહોના તત્વો

| અગ્નિ | પૃથ્વી | વાયુ | જળ | આકાશ |
|---|---|---|---|---|
| સૂર્ય-મંગળ | બુધ | શનિ | ચંદ્ર-શુક્ર | ગુરુ |

## સ્વરોદયશાસ્ત્રમાં નક્ષત્રોના તત્ત્વો

| | | | |
|---|---|---|---|
| કૃતિકા | રોહિણી | અશ્વિની | આર્દ્રા |
| પુષ્ય | અનુરાધા | મૃગશીર્ષ | આશ્લેષા |
| મઘા | જ્યેષ્ઠા | પુનર્વસુ | મૂળ |
| પૂ. ફા | ઉ .ષા | ઉ .ફા | પૂ.ષા |
| સ્વાતિ | અભિજીત | હસ્ત | શતભિષા |
| પૂ .ભા | શ્રવણ | ચિત્રા | ઉ.ભા |
| ભરણી | ધનિષ્ઠા | વિશાખા | રેવતી |

## ચક્રો અને જ્યોતિષનો સંબંધ

| ચક્ર | ષડવર્ગ | અધિપતિગ્રહ |
|---|---|---|
| મૂલાધાર | દ્રેષકાણ | સૂર્ય |
| સ્વાધિસ્ઠાન | હોરા | ચંદ્ર |
| મણિપુર | નવાંશ | મંગળ |
| અનાહત | ત્રીશાશં | બુધ |
| વિશુધ્ધી | દ્વાદશાંશ | ગુરુ |
| આજ્ઞા | રાશિ | શુક્ર |
| સહસ્ત્રાદ્ધાર | આખું શરીર | શનિ |

## સ્વરોદય અનુંસાર બાર સંક્રાતિની સમજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સૂર્યની | મેષ | મિથુન | સિંહ | તુલા | ધન | કુંભ |
| ચંદ્રની | વૃષભ | કર્ક | કન્યા | વૃશ્ચિક | મકર | મીન |

## સ્વરજ્ઞાન દ્વારા પ્રશ્નોના ઉત્તર

અહિં પ્રશ્નનોના ઉત્તર આપતા પહેલા પોતાનો સ્વર કયો ચાલે છે, તે પૂર્ણ છે કે રિક્ત, પૂર્ણ અને રિક્ત ખાસ તો ગર્ભને લગતા પ્રશ્નોમાં ઉપયોગી છે. દાખલા તરીકે કોઈ સ્ત્રી ગર્ભવતી છે કે ત્યારે પૂર્ણ સ્વર હોતા ગર્ભ છે અને રિક્ત હોતા ગર્ભ રહ્યો નથી એવો જવાબ આવે છે. પુત્ર કે પુત્રી ના પ્રશ્નમાં સૂર્ય સ્વર હોતા પુત્ર, ચંદ્ર સ્વર હોતા પુત્રી અને સુષુમણા ચાલતો હોય તો ગર્ભ રહ્યો નથી અથવા (ગર્ભપાત) કસુવાવડનો જવાબ આવશે.

કઈ નાડી ચાલે છે, તેમાં કયું તત્ત્વ વહન થઈ રહ્યું છે, કોઈ એકજ તત્ત્વ વહે છે કે મિશ્ર વહે છે, પ્રશ્નોના ઉત્તર આપતા પહેલા પોતાના ચિત્તને એકાગ્ર કરી જાણી લેવું કે કયા સ્વરમાં કયું તત્ત્વ ઉદય થઈ રહ્યું છે, પૃથ્વી માં જળ તત્ત્વ હમેંશા શુભ ફળદાયક બને છે, અગ્નિમાં વાયુ ત્વરીત સફળતા, ફકત વાયુ તત્ત્વ કાર્યમાં વિલંબ નું સૂચક છે, પૃથ્વી તત્ત્વમાં સ્થિરકાર્ય, જળતત્ત્વમાં ચર કાર્યો, અગ્નિતત્ત્વમાં ક્રુર કાર્યો, વાયુતત્ત્વમાં કૂટનીતિક કાર્યો, આકાશ તત્ત્વ કાર્યનો નાશ સૂચવે છે, પ્રશ્ન કર્તા જમણે છે કે ડાબે, બેઠો છે કે ઉભો, ચાલતા ચાલતા થતા પ્રશ્ન, પ્રશ્ન કર્તા પોતાને માટે પુછે છે કે કોઈ બીજાને માટે, વિદેશ ગયેલ વ્યક્તિ ક્યારે પાછી આવશે એવો પ્રશ્ન હોતા જળતત્ત્વમાં આવવા નીકળી ચુક્યો છે, અને માર્ગમાં છે, વાયુ તત્ત્વ હોતા જ્યા ગયો છે ત્યાથી બીજે નીકળી ગયો છે, પૃથ્વી તત્ત્વ હોતા જ્યા ગયોછે ત્યા વશી ગયો છે, અગ્નિ તત્ત્વ હોતા વ્યક્તિ માંદગીમાં પટકાયો છે, આકાશ તત્ત્વ હોતા વ્યક્તિ ગાયબ થયો છે અથવા મૃત્યુ પામ્યો હોય. પ્રશ્ન કર્તાનો પ્રશ્ન સ્થાઈ છે કે અસ્થાઈ, ચંદ્રસ્વર હોતા પ્રશ્ન સ્થાઈ, સૂર્યસ્વર હોતા પ્રશ્ન અસ્થાઈ અને સુષુમણાહોતા કાર્યનો નાશ સ્રુચવે છે. પ્રશ્નના અક્ષરોની સંખ્યાનો સરવાળો એકી છે કે બેકી, અહીં સ્વર અને વ્યંજનો દ્વારા ફળ કથન કરાય છે.

સ્વરજ્ઞાન દ્વારા આમ ઉપરોક્ત અલગ અલગ અમુક પદ્ધતિઓ પર વિચાર કર્યો પરંતુ આવા તો ઘણા બધી રીતે સ્વરજ્ઞાન દ્વારા ઉત્તરો નીકળે છે પરંતુ સાધનામાં ઉંડે ઉતર્યા બાદ પ્રશ્નોત્તરીમાં ધીમે ધીમે્ આગળ વધવું જોઈએ.

– સંકલન અશોક ચૌહાણ

ક્રોધ એ અવિદ્યામાંથી જન્મે છે,

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૩















જ્યાં મરઘાં કરતાં મરઘી વધુ જોરથી બાંગ પુકારે છે. તે ઘર દુઃખી છે.

# ગુરૂ પર્ણિમા મહોત્સવ ૨૦૧૩












# VEDIC JYOTISH SANSTHAN

## આકાશ દર્શન ૨૦૧૪

આકાશી ગુઢ રહસ્યો, બ્રમ્હાન્ડની દિવ્યતા વિશ્વ સ્તરે થતી ખગોળીય ઘટનાઓ, ચંદ્ર, મંગળ પર જીવની શોધ આ બધી ઘટનાઓ આપણે રોજીંદા જીવનમાં સાંભળતા હોઈએછીએ અને આશ્ચર્ય વ્યક્ત કરીએ છીએ. આજના માનવી પાસે કુદરતી ઘટનાઓ કે અવકાશી રહસ્યોપર વિચારવાનો કે તેની તરફ જોવાનો સમય નથી. પરંતુ આવી અવકાશી ઘટનાઓ, ગ્રહો અને તારાઓ માનવી જીવનપર ઘણા પ્રકારે અસર કરતા હોય છે. આવીજ અદ્‌ભુત અને આશ્ચર્યચકિત કરવાવાળી અવકાશી વિજ્ઞાન ની માહિતી લોકોસુધી પહોંચાડવા વૈદિક જ્યોતિષ સંસ્થાએ તા. ૮-૩-૨૦૧૪ ના રોજ M.K.E.S. શાળા ખાતે જીવંત તારા દર્શન ના કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.

કાર્યક્રમમાં આસરે બસોથી અઢીસો જેટલા જ્યોતિષ જિજ્ઞાસુ ઓએ તેમના પરિવાર અને મિત્રમંડળ સાથે સદ્‌ભાગી થઈ કાર્યક્રમની શોભા વધારી.

અવકાશી રહસ્યો અને બ્રહ્માન્ડની વિસ્તૃત માહિતી લોકોસુધી પહોંચાડવા નેહરૂપ્લેનેટોરિયમનાં ખગોળશાસ્ત્રીઓને આમંત્રિત કર્યા હતા. તેઓએ સ્લાઈડ - શો ના માધ્યમ દ્વારા વિવિધ નક્ષત્રો, ગ્રહો અને રાશિઓ તથા અવકાશમાં સ્થિત ધ્રુવનો તારો, સપ્તઋષિ વગેરે આશ્ચર્યચકિત કરવાવાળી માહિતી ઓથી રસિકો ને આશ્ચર્યચકિત કર્યા.

અંધકારના સમયે પોતાના શિતળ પ્રકાશથી પૃથ્વીને પ્રજ્વલિત કરતા ચંદ્રને ટેલિસ્કોપની મદદથી જોવાનો આનંદ ત્યાં ઉપસ્થિત સહુએ લીધો. તેજ દરમ્યાન જ્યોતિષમાં શુભસાત્વિક અને પોતાના મહાકાય કદ માટે જાણીતા ગુરુ ગ્રહની ઝાંખી સહુને થઈ, પરાક્રમના પ્રતિક મનાતા મંગળ ગ્રહ, આયુષ્યકારક શનિને પોતાની કક્ષામાં ફરતા જોઈ ત્યાં ઉપસ્થિત નાનામોટા સહુ આનંદ વિભોર થઈ ગયા.

આપણાથી કોષો દુર રહેલા, આપણી કુંડળીમાં સ્થિત - ભાગ્ય ઘડનારા ગ્રહોને પોતાની સમક્ષ આવતા નજીકથી જોવાનોં આનંદ રસિકોના મુખપર સ્પષ્ટપણે છલકી રહ્યો હતો. સંપૂર્ણ રાત્રિદરમ્યાન ચાલી રહેલા નિઃશુલ્ક અલ્પાહાર ની જયાફત બધાએ માણી, સાથોસાથ સંસ્થાના વિદ્વાનો દ્વારા અપાયેલા જ્યોતિષ વિષયક રસપ્રદ પ્રવચનો એ લોકોને શાસ્ત્રપ્રત્યે જાગૃત કર્યા. વિવિધ પ્રકારના રુદ્રાક્ષનું મહત્વ, મેડિકલ જ્યોતિષની વિવિધતા, પંચતત્વનું વાસ્તુ અને જીવનમાં મહત્વ જાતકની કુંડળીમાં સ્થિત ગજકેશરી યોગ અને તેની વિશેષતા તથા રાહુ જેવા કુર ગ્રહ અને તેના ચંદ્ર સાથે થતા વિવિધ યોગ વગેરે માહિતીઓએ રસિકોનો ઉત્સાહ વધાર્યો, તે સાથે બ્રમ્હમુહુર્તમાં કરાવેલા ધ્યાન અને ઓમકારના નાદે વાતાવરણમાં તાજગી અને ઉમંગનો સંચય કર્યો.

અદ્‌ભુત, અનોખી અને અવિસ્મરણીય અવકાશી યાત્રામાં જોડાવાનો અવસર સંજોગો અનુસાર મળેછે અને આવી યાત્રામાં સદ્‌ભાગી થઈ જ્યોતિષ જીજ્ઞાસુઓએ અનેરા આનંદની અનુભુતિ કરી. અલૌકિક અવકાશી યાત્રાને સફળ બનાવવા માટે ''વૈદિક જ્યોતિષ સંસ્થા'' કાર્યક્રમમાં ઉપસ્થિત નાના-મોટા આબાલ-વૃધ સૌને ધન્યવાદ કરે છે અને એજ સાથે આ યાત્રાને સફળતાની ટોચ સુધી પહોંચાડવા માટે યથાવૃત પ્રયાસો કરવાવાળી સંસ્થાના પાયા હેઠળ કામ કરનારી વ્યવસ્થાપક સમિતિનો આભાર ન મનાય ત્યાંસુધી કાર્યક્રમની સફળતા પુરી નથી માટે ''વૈદિક જ્યોતિષ સંસ્થા'' વ્યવસ્થાપક સમિતિનો ખરા હૃદય થી આભાર વ્યક્ત કરે છે.

''વૈદિક જ્યોતિષ સંસ્થા'' દ્વારા દરવર્ષે યોજાતા નિઃશુલ્ક જનકલ્યાણના કાર્યક્રમો, પુરાતન જ્યોતિષવિદ્યા અને શાસ્ત્રને ટકાવી રાખવા અને લોકો સુધી પહોંચાડવામાં સહાય રૂપ છે અને આજના ભટકાયેલા સમાજને શાસ્ત્રપ્રત્યે જાગૃત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. અને આવા નિઃસ્વાર્થ કાર્યક્રમોમાં જોડાવું એક અનેરા ઉલ્હાસની અનુભુતી કરાવેછે.

निल गगनमें छा रहा है ग्रह और नक्षत्रोका जाल,
ये जाल तो बना रहा है जिवनका सब काल,
उठ्ठो मनुज जानो इनको, पहचानो इनको,
खोजो बारंबार पा जाओगे इन रहस्य को इसमे है भेद अपार.
।। हरि ॐ ।।

**ઝંખના દવે**
**વૈદિક જ્યોતિષ સંસ્થાન**

**ઘોડાની દોડ મોટે ભાગે મૂર્ખા, ગુંડા અને ચોરોના આનંદ માટે ગોઠવવામાં આવે છે.**

# આકાશ દર્શન - ૨૦૧૪


















# આકાશ દર્શન - ૨૦૧૪











